RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 03-10-2026 | VOL : 12 | Issue : 198 | Page : 8 | Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

હંમેશા સાચા માર્ગે ચાલો. પ્રામાણિકતા સૌથી મોટું બળ છે.

3  છેલ્લા 3 વર્ષથી આંગણવાડી બંધ હાલતમાં ધૂળ ફાકી રહી છે, નેતાઓ રીલ...

4  ચૂંટણી પંચનો માસ્ટરસ્ટ્રોક: SIR હેઠળ 20 રાજ્યોમાં વોટર...

6  બાલીમાં અકસ્માતનો ભોગ બની જાણીતી બોલીવૂડ એક્ટ્રેસ, હોસ્પિટલમાં...

7  2023 ફાઇનલની હાર હજુ ભૂલાતી નથી: ગિલે વર્લ્ડ કપ માટે ભરી હુંકાર

## જંતર-મંતરનાં 68 દિવસ પછી મુંબઈમાં CJPનું પ્રદર્શન

# 'જ્ઞાનેશ કુમારના રાજીનામાં સુધી આંદોલન યથાવત રહેશે', મુંબઈથી કોકરોચ જનતા પાર્ટીનો હુંકાર...

## ટી-શર્ટ પર ગાંધીનો ફોટો; CJP બોલી- મુંબઈ તો માત્ર ટ્રેલર છે, ફાઇનલ જંતર-મંતર પર થશે

મુંબઈ

કોકરોચ જનતા પાર્ટી આજે મુંબઈના શિવાજી પાર્કમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને પ્રદર્શન કરી રહી છે. આ દરમિયાન સ્ટેજ પર હાજર તમામ લોકો ગાંધીજીની તસવીરવાળી ટી-શર્ટ પહેરીને પહોંચ્યા હતા. આ દરમિયાન CJPના સ્થાપક અભિજીત દીપકેએ કહ્યું- જ્યારે ભારતના વડાપ્રધાન અમેરિકા જાય છે, ત્યારે પણ ત્યાં કહેવામાં આવે છે કે તેઓ ગાંધીના દેશમાંથી આવ્યા છે. ગાંધી દેશની આત્મા છે, આંબેડકર કરોડરજ્જુ છે અને નેહરુ મગજ છે. પ્રદર્શન દરમિયાન કોકરોચ જનતા પાર્ટીએ કહ્યું- મુંબઈ પોલીસે અમારું પ્રદર્શન શાંતિપૂર્ણ રીતે થવા દીધું. મુંબઈ તો માત્ર





ટ્રેલર છે, જે કરવું હોય તે કરી લો, ફાઈનલ તો અમે જંતર-મંતર પર જ રમીશું. CJPએ 19 જૂનથી 25 જુલાઈ સુધી દિલ્હીના જંતર-મંતર પર ધર્મેન્દ્ર પ્રધાન (પૂર્વ શિક્ષણમંત્રી) ના રાજીનામાની માંગને લઈને પ્રદર્શન કર્યું હતું. 36 દિવસના વિરોધ બાદ પ્રધાને રાજીનામું આપી દીધું હતું. NEET પેપર લીક વિવાદ બાદ CJPએ પ્રધાનના રાજીનામાને મુદ્દો બનાવ્યો હતો. SIR દરમિયાન અત્યાર સુધી 30 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી 13.37 કરોડ નામ કપાયા છે. ચૂંટણી પંચ મુજબ દેશમાં કુલ 96.88 કરોડથી વધુ મતદારો છે, એટલે કે લગભગ 14.1% મતદારોનાં નામ SIRમાં હટાવવામાં આવ્યા છે. મુંબઈમાં ચાલી રહેલા પ્રદર્શન વચ્ચે અભિજીતે આરોપ લગાવ્યો કે 'એક દેશ, એક ચૂંટણી' માત્ર એક નારો છે. હકીકતમાં, BJP 'એક દેશ, એક પાર્ટી' ઈચ્છે છે. મુંબઈમાં વિરોધ પ્રદર્શન દરમિયાન CJP નેતા સૌરવ દાસે કહ્યું કે દિલ્હી પોલીસે ફરીથી બર્બરતા કરી છે, સુધરી જાઓ નહીં તો અમે તમને સુધારી દઈશું. મુંબઈના શિવાજી પાર્કમાં CJPના પ્રદર્શન વચ્ચે ફાઉન્ડર અભિજીત દીપકે ટ્રક પર ચઢી ગયા છે. સાંજે 6:30 વાગ્યે પણ શિવાજી પાર્ક લોકોથી ભરેલું છે.

## SIR એક રીતે બેકડોર NRC છે: સરકાર નાગરિકતાની તપાસમાં આ જ પ્રક્રિયા અપનાવશે: ઓવૈસી

નવી દિલ્હી

AIMIM પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ SIRને બેકડોર NRC ગણાવ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ સરકાર બાદમાં આ પ્રક્રિયાને નાગરિકતાની તપાસમાં ફેરવી દેશે. છત્રપતિ સંભાજીનગરમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ઓવૈસીએ કહ્યું કે તેમની પાર્ટી શરૂઆતથી જ SIRનો વિરોધ કરી રહી છે. બીજી તરફ, SIRને લઈને આજે મુંબઈમાં કોકરોચ પાર્ટી (CJP) પ્રદર્શન કરશે. CJPએ ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે. આ પહેલાં 27 સપ્ટેમ્બરે ઓવૈસીએ દેશભરના નાગરિકોને SIR પ્રક્રિયાને હળવાશથી ન લેવાની અપીલ કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે બેદરકારીને કારણે લોકોને મતદાનના અધિકાર અને નાગરિકતાથી વંચિત કરવામાં આવી શકે છે. ઓવૈસીએ કહ્યું હતું, આ માત્ર મત આપવાનો અધિકાર ગુમાવવાનો મામલો નથી. તમારી નાગરિકતા પણ છીનવી શકાય છે. તેથી તેને સંપૂર્ણ ગંભીરતા અને ધ્યાનપૂર્વક લો. વસ્તી ગણતરી વચ્ચે NRCની ચર્ચા વધી NRCનો મુદ્દો વસ્તી ગણતરીની પ્રક્રિયા સાથે ફરી ચર્ચામાં આવ્યો છે. વર્તમાન વસ્તી ગણતરીના ફોર્મમાં આવા ઘણા પ્રશ્નો છે, જે 2020ના NPR એટલે કે નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરના ફોર્મમાં પણ હતા. તેમાં નાગરિકતા, માતા-પિતાની માહિતી, આધાર અને મતદાર ID સાથે જોડાયેલા પ્રશ્નો સામેલ છે. કાયદાકીય જોગવાઈઓ હેઠળ પોપ્યુલેશન રજિસ્ટરમાં નોંધાયેલા લોકોની ચકાસણી કરીને ભારતીય નાગરિકોનું રાષ્ટ્રીય રજિસ્ટર (NRC) તૈયાર કરી શકાય છે.



## વિદ્યાર્થીઓના આંદોલન વચ્ચે મહારાષ્ટ્ર સરકારનો મોટો નિર્ણય, MPSC સચિવ મહેન્દ્ર હરપાલકરની બદલી

મુંબઈ

મહારાષ્ટ્ર લોક સેવા આયોગ (MPSC) ના કામકાજ અને પરીક્ષાઓમાં સામે આવેલી ગડબડોને લઈને ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલન વચ્ચે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. MPSC ના સચિવ મહેન્દ્ર હરપાલકરને સચિવ પદેથી મુક્ત કરીને તેમની મૂળ સેવામાં પાછા મોકલવાના આદેશ જારી કરાયા છે. સરકારનો આ નિર્ણય વિદ્યાર્થીઓની એ મુખ્ય માંગણીઓ બાદ આવ્યો છે, જેમાં સચિવની બદલીની માંગ પણ સામેલ હતી. મહેન્દ્ર હરપાલકર લગભગ બે વર્ષથી MPSC ના સચિવ પદ પર ડેપ્યુટેશન પર હતા. તાજેતરમાં ડ્રગ ઈન્સ્પેક્ટર (ઔષધ નિરીક્ષક) પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થવાનો મામલો સામે આવ્યા બાદ આયોગની પરીક્ષા વ્યવસ્થા અને પારદર્શિતાને લઈને વિદ્યાર્થીઓમાં રોષ વધ્યો હતો. આ મામલે પરીક્ષા રદ કરવી પડી હતી અને હાલ તેની તપાસ પણ ચાલી રહી છે. પેપર લીક થયા બાદ વિદ્યાર્થીઓએ આયોગના અધ્યક્ષ અને સચિવ સામે કડક કાર્યવાહી કરવાની માંગ તેજ કરી હતી.

## સીઈસી જ્ઞાનેશ કુમારના 14 નિર્ણયો રદ કરવા સુપ્રીમ કોર્ટમાં નવી અરજી

નવી દિલ્હી

નવી દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ આંદોલન કર્યું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમને ભાજપના એજન્ટ ગણાવ્યા. સુપ્રીમ



કોર્ટમાં પણ જ્ઞાનેશ કુમારના 10 મહિનાના 14 આદેશોને પડકારતી અરજી થઈ છે, જેમાં અનિવાર્ય પ્રક્રિયા ભંગનો આરોપ છે. વિપક્ષે વોટ ચોરી નહીં સાંખી લેવાનું જણાવ્યું છે. દેશમાં ચૂંટણીઓ જીતવા માટે મતદાર વ્યવસ્થા પર કબજો કરવા સામે જનતાનો અવાજ દિવસે ને દિવસે વધુ ઉગ્ર બની રહ્યો છે. જનતા કોઈપણ સ્વરૂપે 'વોટ ચોરી' સાંખી નહીં લે તેમ જણાવતા કોંગ્રેસે શુક્રવારે ગાંધી જયંતિ દિને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના વિરોધમાં આંદોલન થઈને જ રહેશે તેમ ભારપૂર્વક કહ્યું હતું. જ્ઞાનેશ કુમારને ઘેરવાની વિપક્ષની તૈયારી વચ્ચે સુપ્રીમ કોર્ટમાં પણ તેમના વિરુદ્ધ એક પછી એક અરજીઓ થઈ રહી છે. જ્ઞાનેશ કુમારે ૧૦ મહિનામાં આપેલા ૧૪ આદેશોના વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં નવી અરજી થઈ છે. દેશભરમાં 'સર'ના વિવાદમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ આક્રોશ વધી રહ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટમાં પણ તેમની સામે એક પછી એક અરજીઓ થઈ રહી છે, જેમાં હવે ત્રીજી એક અરજી થઈ છે. નવી અરજીમાં જ્ઞાનેશ કુમારે ૧૦ મહિનામાં સીઈસી તરીકે લીધેલા ૧૪ આદેશોને પડકારવામાં આવ્યા છે.

# વિકાસના વાયદા અને જમીની હકીકત: શું ગુજરાતમાં સાંસદ નિધિ (MPLADS)ના કરોડો રૂપિયા કાગળ પર જ હવામાં ગાયબ થઈ ગયા?

વિશેષ અહેવાલ | ગુજરાત

ડઝનની સંખ્યામાં ગાડીઓનો કાફલો, નેતાઓનો ધમાકેદાર પ્રવેશ, કેમેરા સામે કાપવામાં આવતી રિબીનો અને પોતાના નામની તકતી પરથી હટાવાતો પડદો... વિકાસના વાયદાઓના મોટા-મોટા દાવા તમે અવારનવાર જોયા હશે! પણ શું ક્યારેય ગંભીરતાથી વિચાર્યું છે કે, જે કામ માટે લાખો-કરોડો રૂપિયા સરકારી તિજોરીમાંથી ફાળવાયા, શું ખરેખર જમીન પર એટલો જ ખર્ચ થયો છે? કે પછી સરકારી ચોપડે કાગળ પર 'ઠેંગો' દેખાડીને પ્રજાની પરસેવાની કમાણીના કરોડો રૂપિયા ચાઉં કરી લેવામાં આવ્યા?

5 કરોડ રૂપિયાની વાર્ષિક ગ્રાન્ટ અને 'ખાસ પેટર્ન'

આપણા દેશમાં સાંસદોને પોતાના મતવિસ્તારમાં લોકઉપયોગી વિકાસ કાર્યો કરવા માટે દર વર્ષે પૂરાં ૫-૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળે છે. જેને MPLADS એટલે કે સાંસદ નિધિ કહેવામાં આવે છે.

જ્યારે ગુજરાતના સાંસદોએ આ ગ્રાન્ટનાં રૂપિયા કયા-કયા કામ માટે વાપર્યા તેની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી, ત્યારે એક ચોંકાવનારી પેટર્ન બહાર આવી. તમામ સાંસદોની ખર્ચ કરવાની પદ્ધતિમાં એક સરખી ચોક્કસ રીત જોવા મળી:

કોઈકે મોટાભાગની ગ્રાન્ટ સ્માર્ટ ક્લાસ અને સ્માર્ટ બોર્ડ પાછળ વાપરી. તો કોઈકે RO પ્લાન્ટ અને સોલાર સિસ્ટમ પાછળ લાખો રૂપિયાનો ધૂમાડો કર્યો.

### અમુક સાંસદોએ સ્માર્ટ બાલવાટિકાઓ બનાવવામાં જ બરોબરનો ખર્ચ બતાવ્યો.

આ સાંસદોની ગ્રાન્ટ વાપરવાની પદ્ધતિને સમજવા માટે તેને મુખ્યત્વે બે જૂથમાં વહેંચવામાં આવી: ૧. એજ્યુકેશન ગ્રુપ અને ૨. ઈક્વિપમેન્ટ ગ્રુપ.

એજ્યુકેશન ગ્રુપની પોલ ખુલી: ગ્રાઉન્ડ રિયાલિટીમાં મોટો ઘટસ્ફોટ

'એજ્યુકેશન ગ્રુપ' અંતર્ગત વડોદરા, પાટણ, છોટાઉદેપુર અને સુરત–આ ચાર લોકસભા બેઠકોના સાંસદોએ વાપરેલી ગ્રાન્ટના હિસાબો એક પછી એક ચકાસવામાં આવ્યા. હિસાબો જોતા જ ગળે ન ઉતરે એવી અનેક ગડબડો ધ્યાને આવી. ત્યારબાદ જ્યારે ખરેખર જે કામ માટે રૂપિયા વપરાયા હતા તે સ્થળ પર જઈને ગ્રાઉન્ડ રિયાલિટી તપાસવામાં આવી, ત્યારે એક મોટો ઘટસ્ફોટ થયો!

આ મામલે સત્ય બહાર લાવવા માટે ચારેય સાંસદોને ઈમેલ મારફતે ગ્રાન્ટના ખર્ચનો ખુલાસો માંગતા સવાલો મોકલવામાં આવ્યા, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે તેમાંથી માત્ર બે જ સાંસદોએ જવાબ આપવાની તસ્દી લીધી!

### છોટાઉદેપુર બેઠક અને ગ્રાન્ટના વિવાદાસ્પદ હિસાબો

ખાસ કરીને છોટાઉદેપુર લોકસભા બેઠકના સાંસદ જશુભાઈ રાઠવાના કાર્યકાળમાં થયેલા ખર્ચને લઈને અનેક ગંભીર સવાલો ઊભા થયા છે:

ખાનગી સંસ્થા પર મહેરબાની: શું ગ્રાન્ટના પૂરા ૪૦ ટકા જેટલી માતબર રકમ માત્ર એક જ ખાનગી સંસ્થાને ફાળવી દેવામાં આવી?

તકતીઓની રાજનીતિ: શાળાઓના રૂમે-રૂમે અને શૌચાલય (જાજરૂ) જેવી જગ્યાઓ પર પણ સાંસદ ગ્રાન્ટની તકતીઓ લગાવીને માત્ર નામ ચમકાવવાનું જ કામ થયું છે?

પૂરેપૂરી સફાઈ કે કાગળ પર સફાયો?: જમીની સ્તરે શાળાઓમાં જઈને તપાસ કરતાં ખબર પડી કે કરોડોની ગ્રાન્ટ કાગળ પર પાસ થઈ ગઈ, પણ હકીકતમાં સુવિધાઓના નામે મોટી અનિયમિતતાઓ સામે આવી છે.

નિષ્કર્ષ

આ પ્રશ્ન માત્ર એક કે બે સાંસદનો નથી, પરંતુ ગુજરાતની જનતાના પરસેવાની કમાણીનો છે. પ્રજાના કરવેરાના આ કરોડો રૂપિયા કોઈની અંગત જાગીર નથી. હવે સમય આવી ગયો છે કે જનતા જાગૃત બને અને પોતાના પ્રતિનિધિઓ પાસે એક-એક રૂપિયાનો હિસાબ માંગે.

## એક નજર...

### સિલ્વર શાઈની આઉટફિટમાં નમ્રતા મલ્લાનો કિલર અવતાર



નમ્રતા મલ્લા એક ભોજપુરી અભિનેત્રી છે. નમ્રતા તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર દરરોજ ફોટો અને વીડિયો પોસ્ટ કરતી રહે છે. તેમણે પોતાના આ ડાન્સિંગ સ્ટેજ લુકને સિલ્વર નેકલેસ, મેચિંગ બ્રેસલેટ અને ડિસ્કો બોલ બેકડ્રોપ સાથે પરફેક્ટલી સ્ટાઈલાઈઝ કર્યો છે. નમ્રતા મલ્લા એક કુશળ બેલી ડાન્સર અને પ્રોફેશનલ કોરિયોગ્રાફર છે.

## NEWS TRACK

### પુતિને NATO દેશોને પરમાણુ હુમલાની ધમકી આપી: કહ્યું- કલિનિનગ્રાડ પર હુમલો કર્યો તો બધા હથિયારો તૈયાર

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરુવારે NATO દેશોને પરમાણુ હુમલાની ધમકી આપી. તેમણે કહ્યું કે રશિયાની કોઈ પણ જમીન પર હુમલો થયો, તો તે પોતાના તમામ હથિયારોથી જવાબ આપશે. પુતિને મોસ્કોમાં વાલદાઈ ફોરમ દરમિયાન કહ્યું કે NATO જો કાલિનિનગ્રાડને રશિયાથી અલગ કરવાનો પ્રયાસ કરશે, તો રશિયા તરત જ જવાબ આપશે. કાલિનિનગ્રાડ રશિયાનો એક અલગ વિસ્તાર છે. તે રશિયાના બાકીના ભાગ સાથે જોડાયેલો નથી. તે રશિયાની સરહદથી 300 કિમી દૂર યુરોપમાં પોલેન્ડ અને લિથુઆનિયા વચ્ચે આવેલો છે. બીજા વિશ્વયુદ્ધ બાદ 1945થી આ વિસ્તાર પર રશિયાનું નિયંત્રણ છે. બાલ્ટિક સમુદ્ર સુધી પહોંચ: અહીં રશિયાનું બાલ્ટિક ફ્લીટ તૈનાત છે, જેનાથી રશિયાને આ વિસ્તારમાં દરિયાઈ સૈન્ય હાજરી જાળવી રાખવામાં મદદ મળે છે. NATO વચ્ચે વ્યૂહાત્મક સ્થાન: તે ચારેય તરફથી NATO દેશોની નજીક છે. તેથી યુરોપમાં સૈન્ય દબાણ જાળવી રાખવાની દૃષ્ટિએ તે રશિયા માટે મહત્વપૂર્ણ છે. મિસાઈલ તૈનાતી: અહીં રશિયાએ પરમાણુ હથિયારો લઈ જવા માટે ઈસ્કાન્દર મિસાઈલ સિસ્ટમ તૈનાત કરી છે.

### એફિલ ટાવર વિવાદમાં BAPSને ક્લીન ચિટ મળી: તપાસમાં સાબિત થયું કે મહિલાઓને દૂર રાખવા માટે વિનંતી કરવામાં આવી નહોતી

ફ્રાન્સની રાજધાની પેરિસથી દુનિયાભરમાં આવેલા કરોડો હિંદુઓ અને BAPSના અનુયાયીઓ માટે એક ખૂબ જ મોટા અને રાહત આપનારા સમાચાર આવ્યા છે. ગયા મહિને એફિલ ટાવર ખાતે મહિલા સ્ટાફને હટાવવાના ઝૂઠા આરોપોમાં ફસાયેલી આ પ્રમુખ હિંદુ સંસ્થાને ફ્રાન્સની સત્તાવાર તપાસમાં સંપૂર્ણપણે 'ક્લીન ચિટ' મળી ગઈ છે. તપાસ ટીમે શોધી કાઢ્યું છે કે BAPS એ પોતાના કાર્યક્રમ દરમિયાન એફિલ ટાવરથી મહિલાઓને હટાવવા માટે કોઈ વિનંતી કરી નહોતી. પેરિસની તપાસ એજન્સી (IGVP)ના રિપોર્ટમાં આ મોટો ખુલાસો થયો છે કે BAPSના ડેલિગેશને ક્યારેય પણ મહિલાઓને હટાવવાની કોઈ માંગણી કરી જ નહોતી. ગયા મહિને આવા આરોપો લાગ્યા બાદ BAPSની આખી દુનિયામાં ટીકા કરવામાં આવી હતી અને હિંદુ ધર્મને નિશાન બનાવવામાં આવ્યો હતો. આખરે તે દિવસે એફિલ ટાવરમાં શું થયું હતું? તપાસ રિપોર્ટમાં કહેવાયું છે કે 'SETEના ધ્યાનમાં જે શરૂઆતી વાત લાવવામાં આવી હતી તે ધાર્મિક હસ્તીઓ અને મહિલાઓ વચ્ચે શારીરિક સંપર્ક ન થવા સાથે જોડાયેલી હતી.'

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## રાજ્યના તાપમાનમાં એક ઝાટકે 2.4°Cનો ઉછાળો:આગામી 7 દિવસ વરસાદની શક્યતા નહિવત્

અમદાવાદ

રાજ્યમાં ચોમાસાની વિદાયની વચ્ચે હવે ગરમીનો પારો ઉચકાયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી સાત દિવસ વાતાવરણ મોટાભાગે સૂકું રહેવાની શક્યતા છે. હાલ રાજ્યમાં વરસાદ લાવે તેવી કોઈ સક્રિય હવામાન સિસ્ટમ નથી, જેથી નોંધપાત્ર વરસાદની શક્યતા પણ નથી. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે. શહેરમાં પવનની દિશા ઉત્તર-પશ્ચિમથી ઉત્તર તરફ રહેવાની આગાહી કરવામાં આવી છે. દિવસ દરમિયાન તાપમાન વધતા ફરી ગરમીનો અનુભવ થઈ શકે છે, જ્યારે આગામી દિવસોમાં પણ મુખ્યત્વે સૂકું વાતાવરણ રહેવાની શક્યતા છે. રાજ્યના મોટાભાગના મુખ્ય શહેરોમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. 30 સપ્ટેમ્બરે 35.8C તાપમાન સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર હતું, પરંતુ 1 ઓક્ટોબરે કંડલા એરપોર્ટમાં તાપમાનમાં 2.4Cનો મોટો ઉછાળો આવતા તે 37.8C સાથે સૌથી ગરમ સ્થળ બન્યું હતું. આ ઉપરાંત ભૂજ, ડીસા અને સુરેન્દ્રનગરમાં પણ તાપમાન વધીને 37.2Cએ પહોંચ્યું હતું.

## સુરતની પહેલી ઉદયપુરની વંદે ભારત ટ્રેન શરૂ: સાડા સાત કલાકમાં પહોંચી જશો, ચેર કારનું ₹1,515 અને એક્ઝિક્યુટિવનું ₹2,720 ભાડું

સુરત

2 ઓક્ટોબરને ગાંધી જન્મજયંતિના દિવસે દક્ષિણ ગુજરાતના ટેક્સટાઈલ અને ડાયમંડ હબ સુરતને તેની પહેલી વંદે ભારત ટ્રેનની ભેટ મળી છે. સુરતથી સીધી ઉદયપુરને જોડતી આ સેમી-હાઈસ્પીડ ટ્રેનને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે લીલીઝંડી બતાવી રવાના કરી હતી. 4 ઓક્ટોબરથી આ ટ્રેન નિયમિત સમયપત્રક મુજબ પાટા પર દોડશે, જેનાથી બંને શહેરો વચ્ચેનું અંતર માત્ર 7 કલાક 30 મિનિટમાં કાપી શકાશે. સુરતના વેપારીઓ અને નાગરિકો સવારે વંદે ભારત મારફતે અમદાવાદ કે ઉદયપુર જઈ દિવસભરનું કામ પતાવીને રાત્રે 11 વાગ્યા સુધીમાં પરત ફરી શકે તેવી સુવિધા ગોઠવવામાં આવી છે.

આ મુસાફરી દરમિયાન ટ્રેનને બંને રાજ્યોના મહત્ત્વના વેપારી અને ધાર્મિક કેન્દ્રો પર સ્ટોપેજ આપવામાં આવ્યા છે. આ સ્ટોપેજના કારણે વેપારી વર્ગની સાથે-સાથે શામળાજી જતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને સીધો ફાયદો મળશે. આધુનિક કવચ સેફ્ટી સિસ્ટમ, ઓટોમેટિક દરવાજા, જીપીએસ આધારિત પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ અને ઉત્કૃષ્ટ બેઠક વ્યવસ્થાથી સજ્જ આ સ્વદેશી ટ્રેન શરૂ થવાથી સુરત અને રાજસ્થાન વચ્ચે બિઝનેસ તેમજ ટૂરિઝમ કનેક્ટિવિટીને નવો વેગ મળશે. સી. આર. પાટીલે ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું કે, એક સમય એવો હતો, જ્યારે રેલવેમાં મુસાફરી કરવી ખૂબ જ મુશ્કેલ અને કષ્ટદાયક ગણાતી. ટ્રેનોમાં ભારે ગંદકી, સ્પીડ નહોતી અને પ્રવાસ દુષ્કર બની જતો હતો. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલવેમાં સ્વચ્છતાનો આગ્રહ રાખ્યો અને રેલવે તંત્રને નવો આયામ આપ્યો.

## આરોગ્ય મંત્રીએ કર્યું સદભાવના વૃદ્ધાશ્રમની લેબોરેટરીનું ઉદ્ઘાટન:નો પ્રોફિટ નો લોસના સંકલ્પ સાથે ખાનગી લેબ કરતા 70% ઓછી કિંમત

રાજકોટ

રાજકોટનું સદભાવના વૃદ્ધાશ્રમ માત્ર વૃધ્ધ લોકોની દેખરેખ માટે સીમિત નથી રહ્યું પરંતુ વૃક્ષારોપણ, મેડિકલ સ્ટોર, બળદઆશ્રમ બાદ હવે આધુનિક ટેક્નોલોજી સાથે વિશ્વસનીય લેબોરેટરી પણ શરૂ કરવામાં આવી છે. આજે 02 ઓક્ટોબરને શુક્રવારના રોજ રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસુરીયા દ્વારા આ લેબોરેટરીનું ઉદ્ઘાટન કરવામાં આવશે અને ગરીબો તેમજ મધ્યમ વર્ગના લોકોને આરોગ્ય ક્ષેત્રે સારી સુવિધા શરૂ કરાવવામાં આવશે. છેલ્લા બે વર્ષથી નો પ્રોફિટ નો લોસ માત્ર પડતર કિંમતે દવા આપવાના સંકલ્પ બાદ હવે નો પ્રોફિટ નો લોસ માત્ર પડતર કિંમતે લોકોને લેબોરેટરીમાંથી રિપોર્ટ કરાવી આપવામાં આવશે. જેમાં ખાનગી લેબોરેટરી કરતા 70 ટકા ઓછી કિંમતે દર્દીઓને નિદાન કરી આપવામાં આવશે. સદભાવના વૃદ્ધાશ્રમ ટ્રસ્ટના સભ્ય ડો. દિનેશ ચોવટીયાએ જણાવ્યું હતું કે, દર્દીઓને ખુબ જ નજીવા દરે દવાનું વેચાણ કરી અમારા બે મેડિકલ સ્ટોરમાં આ વર્ષે 60થી 65 કરોડ રૂપિયાનું ટર્નઓવર પહોંચ્યું છે, જેને જોતા એક નવો વિચાર આવ્યો હતો અને દર્દીઓને સારી આ યોગ્ય સારવાર નિદાન માટે લેબોરેટરી શરૂ કરવા નક્કી કર્યું હતું. 2 ઓક્ટોબરને શુક્રવારના રોજ રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસુરીયા હસ્તે ખુલ્લું મુકવામાં આવશે.

## ગાંધીનગરમાં રેતી માફિયાઓનો ખેલ: ચેકિંગથી બચવા રોડ પર રેતી ઠાલવી ટ્રકો લઈ ફરાર

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં રેતી ભરેલી ટ્રકોના પરિવહનને લઈને ચોંકાવનારો ઘટનાક્રમ સામે આવ્યો છે. ચેકિંગ ટીમની ગાડી દેખાય કે ટ્રકો દોડવા લાગે અને પકડાવાની સ્થિતિ સર્જાય તો રસ્તા પર જ રેતી ખાલી કરી ટ્રક લઈને છટકી જવાનો પ્રયાસ થતો હોવાની માહિતી સામે આવી છે. હાલીસા-ગીયોડ રોડ, દહેગામ ટી.પી.-2 વિસ્તાર તેમજ લક્ષ્મીપુરા-નાંદોલ રોડ પર અલગ-અલગ સ્થળે રસ્તાની બાજુમાં રેતીના ઢગલા જોવા મળતાં સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. હાલીસા-ગીયોડ રોડ પર રાત્રિના સમયે રેતીનો મોટો જથ્થો રસ્તા પર જોવા મળ્યો હતો. આ દરમિયાન ખાણ-ખનીજ વિભાગની ટીમે રેતી ભરેલી ત્રણ ટ્રકોનો પીછો કર્યો હોવાની માહિતી છે.

જેમાંથી બે ટ્રકો છટકી ગઈ હોવાનું અને એક ટ્રક ઝડપાઈ હોવાનું જાણવા મળે છે. હવે સવાલ એ છે કે પીછો કરાયેલી ટ્રકો અને રસ્તા પર પડેલી રેતી વચ્ચે કોઈ કડી છે કે નહીં? બીજા દિવસે ટી.પી.-2થી નાંદોલ તરફના માર્ગે વ્રજભૂમિ બંગ્લોઝ નજીક તેમજ લક્ષ્મીપુરા-નાંદોલ રોડ પર રામાણી ફાર્મ નજીક પણ રેતીના ઢગલા જોવા મળ્યા હતા.

### નવાપુરમાં કરોડોના જુગાર અડ્ડા પર SP અને રેન્જ IGની મિલીભગતનો પર્દાફાશ!

# મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર પર 'ડી-કંપની'ના છાયા હેઠળ ચાલતું અંડરવર્લ્ડનું જુગાર સામ્રાજ્ય

## ખાકીની લાચારી કે અંધારામાં ચાલતી હપ્તાખોરી? નવાપુરના સરહદી અડ્ડા પર એસપી અને રેન્જ આઈજીની આંખ આડા કાનનીતિથી જનતામાં ફાટી નીકળ્યો રોષ!

નંદુરબાર

દેશની આર્થિક રાજધાનીની નજીક અને બે રાજ્યોની સરહદો પર કાયદો, સંવિધાન અને ખાકી વર્દીને કચડતું એક રાક્ષસી અંડરવર્લ્ડ સામ્રાજ્ય ધમધમી રહ્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે આવેલા ગૌમુખ ગામથી માંડ ૨ કિલોમીટરના અંતરે આવેલા ખીખડા ગામ (મહારાષ્ટ્રના નવાપુર પોલીસ સ્ટેશન હદ, જિલ્લો નંદુરબાર) આજે દેશના સૌથી મોટા ગેરકાયદે જુગાર અને અપરાધના અડ્ડામાં પરિવર્તિત થઈ ચૂક્યું છે. આ ભૌગોલિક સરહદના લાભ લઈને કુખ્યાત અપરાધીઓએ એવો સુરક્ષિત કિલ્લો બનાવ્યો છે, જ્યાં ખાકીના આશીર્વાદથી કાયદાના હાથ પણ ધ્રૂજે છે!

૧. બોર્ડરનો 'ગોલ્ડન ઝોન': પોલીસ વડાઓની રહેમનજર નીચે રાજા બન્યા જુગારીઓ!

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, નવાપુરની આ સરહદી ધરતી પર 'પપ્પુ, રઈસ શેખ અને સુરજ જયસ્વાલ' ની ત્રિપુટી કરોડો રૂપિયાનું ગેરકાયદે જુગાર સામ્રાજ્ય ચલાવી રહી છે. અહીં ગુજરાત, નાસિક અને મધ્ય પ્રદેશના શાતિર ગુનેગારો તેમજ મોસ્ટ વોન્ટેડ કુખ્યાતો બેફામ આશરો લે છે.




**ડી-કંપની સાથે સીધો કનેક્શન**

નવાપુરના સરહદી વિસ્તારમાં પપ્પુ, રઈસ શેખ અને સુરજ જયસવાલની ત્રિપુટી કરોડોના જુગારનો ગેરકાયદે ધાંધો ચલાવે છે. ગુજરાત, નાસિક અને મધ્ય પ્રદેશના શાતિર ગુનેગારો અહીં આશરો લે છે. મુખ્ય ઓપરેટર રઈસ શેખ ડી-કંપનીને રોજના 2 લાખ રૂપિયાનો હપ્તો આપે છે. આથી દારૂ, ડ્રગ્સ અને દેહવ્યાપારની ખુલ્લી છૂટ છે.

આ સમગ્ર સિન્ડિકેટના તાર સીધા આંતરરાષ્ટ્રીય ગુનાહિત જગત એટલે કે 'ડી-કંપની' (D-Company) સાથે જોડાયેલા છે. મુખ્ય ઓપરેટર રઈસ શેખ ડી-કંપનીને સુરક્ષા પેટે રોજના ૨ લાખ રૂપિયાનો માતબર હપ્તો પહોંચાડે છે, જેના કારણે આ અડ્ડા પર દારૂ, ડ્રગ્સ અને દેહવ્યાપારની ખુલ્લી છૂટ છે અને કોઈ પરિંદો પણ પર નથી મારી શકતો!

૨. એસપી અને રેન્જ આઈજીની શંકાસ્પદ ભૂમિકા: 'હપ્તા વસૂલી'ના ચક્રવ્યુહમાં ડૂબેલી ખાકી!

સવાલ એ થાય છે કે શું જિલ્લાના પોલીસ અધિક્ષક (એસપી) અને રેન્જ આઈજી આ મહા-પાપથી અજાણ છે? વાસ્તવિકતા એ છે કે નંદુરબાર જિલ્લાના એસપી આ સમગ્ર ખેલ પર આંખ આડા કાન કરીને બેઠા છે. રાજ્યના ઉચ્ચ અધિકારીઓ અને રેન્જ આઈજી પર સીધા સવાલો ઉઠી રહ્યા છે કે તેઓ માત્ર 'હપ્તા વસૂલી' ના ચક્રવ્યુહમાં વ્યસ્ત છે.

જ્યારે 'પાક્કો ગુજરાત' ન્યૂઝના પ્રતિનિધિએ આ મામલે સત્ય જાણવા માટે જિલ્લાના એસપીને ફોન જોડ્યો, ત્યારે એસપી મેડમે ફોન ઉઠાવવાની પણ તસ્દી લીધી નહીં! આ બાબત જ સ્પષ્ટ પુરાવો છે કે પ્રશાસન અને અપરાધીઓની મિલીભગત કઈ હદ સુધી ગંદકીમાં ડૂબેલી છે. મહિનાના કરોડો રૂપિયા ઉપર સુધી પહોંચતા હોવાથી જુગાર ચલાવનારાઓ ખુલ્લેઆમ કાયદાને પડકાર ફેંકી રહ્યા છે.

૩. ખાકીના નામે 'ડ્રામા': માત્ર નીલ રેડ કરી વરણીના હપ્તા વસૂલે છે પોલીસ!

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર' દ્વારા નવાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ અને એલસીબી (LCB) ને આ ગેરકાયદે ધંધાની પૂરી કુંડળી સોંપવામાં આવી હોવા છતાં સ્થાનિક પોલીસ દ્વારા આજદિન સુધી કોઈ મોટી કાર્યવાહી કેમ કરવામાં આવી નથી?

એલસીબી અને પોલીસ વડા દ્વારા કોઈ નક્કર પગલાં લેવાતા નથી. પોલીસ સ્ટાફ માત્ર દેખાડા પૂરતી સ્થળ પર જઈને 'નીલ રેડ' (ખાલી હાથે ફોર્માલિટી) કરીને, માત્ર વરણીના હપ્તા લઈને પાછી ફરી જાય છે! શું એસપી અને રેન્જ આઈજીની નિયતમાં ખોટ છે કે પછી તેઓ આ મહાભ્રષ્ટાચારમાં સીધા ભાગીદાર છે?

૪. અંડરવર્લ્ડનું ડ્રગ્સ અને જુગાર રેકેટ: જનતાના ભવિષ્ય સાથે ચેડાં

પોલીસ દ્વારા ફક્ત પૈસા ઉઘરાવવામાં જ રસ છે. જો નવાપુરમાં કોઈ મોટી દુર્ઘટના બનશે, તો તેની સીધી જવાબદારી નંદુરબારના એસપી અને રેન્જ આઈજીની રહેશે! કેમ કે આટલું મોટું ડ્રગ્સ રેકેટ અને જુગારધામ 'ડી-કંપની' દ્વારા ઓપરેટ થાય છે, છતાં ખાકી વર્દી મૌન ધારણ કરીને બેઠી છે.

ઉગ્ર માંગ: SIT અને ACB ની તપાસ અનિવાર્ય!

એસઆઈટી (SIT) તપાસ: આ આખા રેકેટ પાછળના માફિયાઓ અને અંડરવર્લ્ડના કનેક્શનની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ.

એસીબી (ACB) ની રેડ: એસપી અને રેન્જ આઈજીની સંપત્તિ અને તેમની હપ્તાખોરીના ભ્રષ્ટાચાર વિરુદ્ધ એન્ટિ કરપ્શન બ્યુરો (ACB) દ્વારા કડક તપાસ હાથ ધરવામાં આવે.

શું મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી આ 'ગબ્બરના અડ્ડા' પર બુલડોઝર ફેરવશે અને ભ્રષ્ટ અધિકારીઓ પર ગાજ પાડશે? 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ ભ્રષ્ટાચારનો પર્દાફાશ સતત કરતું રહેશે!

# CAGના અહેવાલોનો મોટો ધડાકો : કરોડો-અબજોના વેડફાટથી પ્રજાના હિતો પર તરાપ!

### "સરકારી પૈસા સરકારના નથી, જનતાના છે—તો પછી જવાબદારી કોણ નક્કી કરશે?" : ગુજરાતના CAG રિપોર્ટ્સમાં ગંભીર નાણાકીય ક્ષતિઓ અને વિલંબનો પર્દાફાશ; જલ જીવન મિશનથી લઈને અધૂરા પ્રોજેક્ટ્સમાં જનતાના ગામાની કમાણી ધુમાડે!

અમદાવાદ

દેશ અને રાજ્યની નાણાકીય વ્યવસ્થા પર નજર રાખતી સર્વોચ્ચ સંસ્થા કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) ના તાજેતરના અહેવાલોમાંથી એક અત્યંત ચિંતાજનક અને આંખ ઉઘાડનારી તસવીર સામે આવી છે. ગુજરાત રાજ્યના નાણાકીય ઓડિટ અહેવાલો, જલ જીવન મિશન (Jal Jeevan Mission) અને પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY-G) સહિતના વિવિધ સરકારી અભિયાનોમાં કરોડો અને અબજો રૂપિયાની નાણાકીય ગેરરીતિઓ, ખામીઓ અને ભયંકર વિલંબના આંકડા ઉજાગર થયા છે.

સવાલ એ ઊભો થાય છે કે જો આ મસમોટી રકમનો બગાડ અટક્યો હોત, તો સામાન્ય પ્રજાના કલ્યાણ માટે કેટલાય નવા વિકાસ કાર્યો ધમધમી શક્યા હોત? CAGના અહેવાલોમાં બહાર આવેલા આંકડાઓનો હિસાબ: ક્યાં કેટલું પાણી મપાયું? CAGના રિપોર્ટમાં અલગ-અલગ યોજનાઓની પ્રકૃતિ ભલે અલગ હોય, પરંતુ નાણાકીય વ્યવસ્થાપન અને વહીવટી લાપરવાહીના જે આંકડા સામે આવ્યા છે તે ચોંકાવનારા છે. ૫૪.૩૨ કરોડ – જલ જીવન મિશનમાં વધારાની ચુકવણી: હર ઘર પાલની યોજના સમાન મહત્ત્વના જલ જીવન મિશનમાં નિયમો વિરુદ્ધ જઈને અથવા વહીવટી ખાધના કારણે કરાયેલી વધારાની ચુકવણી. ૨૮.૭૯ કરોડ – મંજૂર ન હોય તેવો ખર્ચ: સત્તાવાર રીતે મંજૂરી મેળવ્યા વગર જ સરકારી તિજોરીમાંથી કરી નાખવામાં આવેલો બિનઅધિકૃત ખર્ચ. ૭,૪૭૭.૯૭ કરોડ – ૧૭૬ અધૂરા પ્રોજેક્ટ્સ: આયોજનના અભાવે કે સમયસર કામ પૂર્ણ ન થવાને કારણે ૧૭૬ જેટલા પ્રોજેક્ટ્સ અધૂરા લટકી પડ્યા છે, જેમાં પ્રજાનું અબજોનું ભંડોળ અટવાઈને નકામું સાબિત થઈ રહ્યું છે. ૭,૪૩૧.૮૪ કરોડ – યુટિલાઈઝેશન સર્ટિફિકેટ્સ (UC) બાકી: ગ્રાન્ટ સંબંધિત હજારો (૪,૨૫૮) યુટિલાઈઝેશન સર્ટિફિકેટ્સ હજુ સુધી જમા જ નથી થયા, જે પારદર્શિતા સામે મોટા સવાલો ખડા કરે છે.

જો કે આ તમામ આંકડાઓને સીધા જોડીને એક જ 'મોટું કૌભાંડ' કહી દેવું તકનીકી દ્રષ્ટિએ યોગ્ય નથી, કારણ કે દરેક આંકડાની પ્રકૃતિ, સમયગાળો અને કારણ અલગ-અલગ છે. પરંતુ મૂળ અને સૌથી ઘાતક સવાલ એ છે કે આટલી બધી રકમનો બગાડ, પ્રોજેક્ટ્સમાં અસહ્ય વિલંબ અને નાણાકીય ગેરરીતિઓ જો ન થઈ હોત, તો ગુજરાતની જનતાને કેટલો મોટો ફાયદો થયો હોત? આટલા ભંડોળમાંથી રાજ્યના ખૂણે-ખૂણે કેટલીય આધુનિક શાળાઓ, અત્યાધુનિક હોસ્પિટલો, ગરીબો માટે પાકાં મકાનો (આવાસ), શુદ્ધ પીવાના પાણીની કાયમી વ્યવસ્થાઓ અને વિકાસના અનેક પ્રોજેક્ટ્સ સમયસર પૂરા થઈ શક્યા હોત. પ્રજાના ટેક્સમાંથી એકત્ર થતી પાયાની મૂડી આ પ્રકારે વેડફાય તે લોકશાહી માટે સૌથી મોટું દુઃખદ પાસું છે.

## કોંગ્રેસ અને Gen-Z મેદાને, ગુજરાત યુનિ. પાસે દેખાવો:જ્ઞાનેશકુમાર રાજીનામું રાજીનામું આપો...ના સૂત્રોચ્ચાર કર્યા

અમદાવાદ

SIR પ્રક્રિયાના નામે દેશભરમાંથી 13 કરોડ જેટલા મતદારોના નામ રદ કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસ અને Gen-Z આક્રમક મોડમાં આવી ગયા છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની માગ સાથે દેશભરમાં દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. આ વિવાદના વિરોધમાં ગુજરાત યુનિવર્સિટીના ગેટ પાસે મોટી સંખ્યામાં કોંગ્રેસના નેતાઓ અને Gen-Z દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પોસ્ટર અને બેનરો સાથે મોટી સંખ્યામાં મહિલાઓ પણ વિરોધ પ્રદર્શનમાં જોડાઈ હતી.




ગુજરાત યુનિવર્સિટીના ગેટ આગળ બેસીને આઝાદીઆઝાદી, મહિલાઓ કો સુરક્ષા દોસુરક્ષા દો, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર રાજીનામુંઆપોના નારા સાથે દેખાવો કર્યો હતો. મહિલાઓને સુરક્ષા આપવા માટે યોગ્ય વ્યસ્થા ગોઠવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. હોસ્ટેલમાં પણ વિદ્યાર્થીઓ સુરક્ષિત ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એક પ્રદર્શનકારી ધ્રુવીએ જણાવ્યું હતું કે, આજે અમે બધા અલગ અલગ મુદ્દાઓને લઈને ભેગા થયા છીએ.

# કોમર્શિયલ LPG સિલિન્ડરનો ભાવ પહોંચ્યો રૂા.2,831ને પાર!

### "અચ્છે દિન"નો વાયદો કરનાર ભાજપ સરકારના રાજમાં જીવન જરૂરિયાતની ચીજો સામાન્ય જનતાની પહોંચ બહાર; ડૉ. મનીષ દોશીના સરકાર પર આકરા પ્રહાર

અમદાવાદ

ગુજરાતમાં નવરાત્રી અને દશેરા જેવા પવિત્ર અને ઉત્સાહભર્યા તહેવારોની શરૂઆત થાય તે પહેલા જ સામાન્ય જનતા, નાના વેપારીઓ અને મધ્યમવર્ગના ખિસ્સા પર મોંઘવારીનો એક વધુ ઘાતક પ્રહાર થયો છે. કેન્દ્ર સરકાર અને ઓઈલ કંપનીઓની મનસ્વી નીતિઓના કારણે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં આગ ઝરતી મોંઘવારી જોવા મળી રહી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ આ સરકારની નીતિઓની આકરી ટીકા કરતા જણાવ્યું છે કે સરકારની સંવેદનહીનતા અને મૌનને કારણે ગરીબ અને મધ્યમવર્ગના રસોડાના ચૂલા પર તાળું મારવાનું કાવતરું રચાઈ રહ્યું છે. ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં દેશભરમાં આશરે રૂ. ૬૨.૫૦ થી રૂ. ૭૧.૫૦ સુધીનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ ભાવવધારાના આંકડા અત્યંત ચોંકાવનારા છે: અમદાવાદમાં નવો ભાવ: અમદાવાદમાં ૧૯ કિલોનો કોમર્શિયલ સિલિન્ડર હવે સીધો રૂ. ૨,૮૩૧.૫૦ ની જબરદસ્ત સપાટી પર પહોંચી ગયો છે. નવ મહિનામાં જ રૂ. ૧,૧૨૨ નો જંગી વધારો: જાન્યુઆરી ૨૦૨૬માં



જે સિલિન્ડરનો ભાવ રૂ. ૧,૭૦૯ હતો, તે ઓક્ટોબર ૨૦૨૬માં વધીને રૂ. ૨,૮૩૧.૫૦ થઈ ગયો છે. અર્થાત્ માત્ર ૯ મહિનાની અંદર જ કોમર્શિયલ ગેસના ભાવમાં રૂ. ૧,૧૨૨.૫૦નો અધધધ વધારો થયો છે! ઘરેલુ ગેસની પણ ખરાબ હાલત: અમદાવાદમાં ૧૪.૨ કિલોનો ઘરેલુ (Domestic) LPG સિલિન્ડર પણ રૂ. ૯૪૯ પર વેચાઈ રહ્યો છે, જે વર્ષની શરૂઆતની સરખામણીએ રૂ. ૮૯ મોંઘો છે. તહેવારોની આ સિઝનમાં હોટલો, રેસ્ટોરાં, ઢાબા, ફરસાણ-મીઠાઈની દુકાનો અને કેટરિંગ વ્યવસાયોમાં LPG ગેસનો વપરાશ મોટા પ્રમાણમાં વધતો હોય છે. આવા સમયે સિલિન્ડરદીઠ રૂ. ૯૦ થી વધુનો વધારાનો ખર્ચ સીધો જ આ નાના વ્યવસાયકારોના સંચાલન ખર્ચમાં ઉમેરાઈ રહ્યો છે.

### અરવલ્લીમાં ફિલ્મી દ્રશ્યો

## LCB અને કુખ્યાત બિશ્નોઈ ગેંગ વચ્ચે આમને-સામને ધમાકેદાર ફાયરિંગ, PI સહિત 3 ઈજાગ્રસ્ત

અરવલ્લી

અરવલ્લી જિલ્લામાંથી ગુનાખોરી અને નશાના કારોબારને જડમૂળથી માટે અરવલ્લી પોલીસે એસપી મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એક અત્યંત ખતરનાક અને દિલધડક ઓપરેશન પાર પાડ્યું છે. જિલ્લાના માલપુર તાલુકાના મોર ડુંગરી ગામ નજીક લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને કુખ્યાત બિશ્નોઈ ગેંગ વચ્ચે પોલીસ અને બદમાશો વચ્ચે આમને-સામને ધમાકેદાર ફાયરિંગની ઘટના સામે આવી છે. સ્કોર્પિયો ગાડીમાં ગેરકાયદેસર પોષડોડાનો મોટો જથ્થો ઘુસાડીને હેરાફેરી કરતી આ સિન્ડિકેટ પર પોલીસે સકંજો કસતા ગેંગના ગુનેગારોએ પોલીસ પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં પોલીસે પણ વળતો આક્રમક પ્રહાર કરીને એક સાગરિતને પાંગળા બનાવી દીધો છે. અરવલ્લી જિલ્લાના એસપી મનોહરસિંહ જાડેજાના કડક આદેશો બાદ જિલ્લામાં નાઈટ પેટ્રોલિંગ અને સઘન તપાસ ચાલી રહી છે. દરમિયાન, LCBના પીઆઈ એમ.એચ. ઝાલાને સચોટ બાતમી મળી હતી કે બિશ્નોઈ ગેંગના ગુનેગારો જિલ્લાના અંતરિયાળ અને બિનવારસી માર્ગોનો ઉપયોગ કરીને સ્કોર્પિયો ગાડીમાં પોષડોડા (માદક પદાર્થ) નો જથ્થો હેરફેર કરી રહ્યા છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે માલપુર તાલુકાના મોરડુંગરી ગામ નજીક ચુસ્ત નાકાબંધી ગોઠવી દીધી હતી. શંકાસ્પદ સ્કોર્પિયો કાર નજરે પડતા જ પોલીસ કાફલાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બદમાશોએ કાયદાની પરવા કર્યા વગર પોલીસને જ સીધો પડકાર ફેંક્યો હતો. પોલીસથી બચીને ભાગવાની ફિરાકમાં રહેલા બિશ્નોઈ ગેંગના સાગરિતોએ ઉશ્કેરાઈને એકાએક પોલીસ જીપ પર બે રાઉન્ડ ઘાતક ફાયરિંગ કરી દીધું હતું. પોતાના પ્રાણ જોખમમાં હોવા છતાં અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દાખવતા LCB પીઆઈ ઝાલાએ ત્વરિત સ્વબચાવમાં અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે વળતા પ્રહારમાં ૩ થી ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. પોલીસની બુલેટ સીધી જ હુમલો કરનાર બિશ્નોઈ ગેંગના સાગરિતના પગમાં વાગતા તે સ્થળ પર જ ઢળી પડ્યો હતો. આ ધમાકેદાર સામસામે થયેલા ફાયરિંગ અને ઝપાઝપીમાં પીઆઈ સહિત ૩ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે, જ્યારે અંધારાનો લાભ લઈને ગેંગનો અન્ય એક સાગરિત ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

પાક્કો ગુજરાત
શનિવાર | 03 ઓક્ટોબર 2026 | અમદાવાદ

# છેલ્લા ૩ વર્ષથી આંગણવાડી બંધ હાલતમાં ધૂળ ફાકી રહી છે, નેતાઓ રીલ બનાવવામાં મસ્ત અને જનતા ત્રસ્ત!

■ ચૂંટાયેલા પ્રતિનિધિઓની હેસિયત ક્લાર્ક જેવી બનાવી દીધી છે તંત્રે; ફાલતુ સરકારી કાર્યક્રમો પાછળ કરોડોનો ધુમાડો



છોટાઉદેપુર/દેગલા

ગુજરાત સરકાર ભલે વિકાસના મોટા દાવા કરતી હોય, પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી કેટલી કડવી છે તેની એક શરમજનક તસવીર આદિવાસી બહુલ છોટાઉદેપુર જિલ્લામાંથી સામે આવી છે. જેતપુર પાવી તાલુકાના દેગલા ગામના માસૂમ બાળકોના ભવિષ્ય સાથે તંત્ર દ્વારા કેવો ઘોર અન્યાય કરવામાં આવી રહ્યો છે તેનો પર્દાફાશ થયો છે. ગામમાં આવેલી આંગણવાડીની ઈમારત અત્યંત જર્જરિત અને ખરાબ હાલતમાં ફેરવાઈ જવાના કારણે છેલ્લા અંદાજે ત્રણ વર્ષથી બંધ હાલતમાં પડી છે. ગ્રામજનો દ્વારા વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્રના પેટનું પાણીય સરક્યું નથી! દેગલા ગામના નાગરિકો અને વાલીઓમાં વહીવટી તંત્ર અને નેતાઓ સામે ભારે રોષની આગ ભડકી ઉઠી છે. ગ્રામજનોનો આક્રોશ ઠાલવતા સવાલો ઉઠાવ્યા છે કે:

રીલબાજીમાં મસ્ત નેતાઓ: જિલ્લાના જવાબદાર નેતાઓ અને અધિકારીઓ સોશિયલ મીડિયા પર માત્ર રીલો અને ફોટા બનાવવામાં વ્યસ્ત છે, પરંતુ છેવાડાના ગામોના બાળકો કઈ હાલતમાં જીવી રહ્યા છે તેની કોઈ દરકાર નથી.

ફાલતુ કાર્યક્રમોનો ધમધમાટ: જિલ્લામાં રોજ નવા-નવા ફાલતુ અને દેખાડાના સરકારી કાર્યક્રમો પાછળ પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા ધૂમાડે ઉડાડવામાં આવી રહ્યા છે, પરંતુ ગરીબ આદિવાસી બાળકો માટે એક આંગણવાડીનું મકાન ન બનવું એ સૌથી મોટું કલંક છે. સ્થાનિક સ્તરે આક્ષેપો થઈ રહ્યા છે કે આજની નોકરોશાહી (બ્યુરોક્રસી) એટલી હદ સુધી બેફામ બની ગઈ છે કે પ્રજા દ્વારા ચૂંટાઈને આવેલા પ્રતિનિધિઓની હેસિયત પણ હવે એક સામાન્ય ક્લાર્ક જેવી થઈ ગઈ છે. નેતાઓ આદેશ આપે તો પણ અધિકારીઓ ફાઈલો દબાવીને બેસી રહે છે અને જનહિતના કાર્યોને રઝળતા મૂકી દે છે. ત્રણ વર્ષથી આંગણવાડી બંધ હોવાને કારણે દેગલા ગામના ન્હાના બાળકો પાયાની પૂર્વ-શાળા શિક્ષણ અને પોષણયુક્ત આહારથી વંચિત રહી રહ્યા છે.

આ અહેવાલના માધ્યમથી ગુજરાત સરકારના મુખ્ય મંત્રી કાર્યાલય (CMO Gujarat) અને જિલ્લા વહીવટી તંત્રને સીધો સવાલ પૂછવામાં આવી રહ્યો છે કે:

૧. શું દેગલા ગામની આ બંધ પડેલી આંગણવાડીનું નવું મકાન બનાવવા માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવશે? ૨. પ્રજાના નાણાં પર એશ આરામ કરતા અને ફરજો પ્રત્યે બેદરકાર રહેતા અધિકારીઓ સામે ક્યારે કડક ચાબુક વીંઝવામાં આવશે?

## મહત્ત પદનો અભિષેક અને સ્વીકાર તે તપ છે: મોરારિબાપુ

# લોકભારતી યુનિવર્સિટીમાં દીક્ષાંત સમારોહનું આયોજન સંપન્ન થયું

વેળાવદર ( તખુભાઈ સાંડસુર દ્વારા)

ભાવનગર જિલ્લાની ગ્રામ વિદ્યાપીઠ અને હવે લોકભારતી યુનિવર્સિટી ફોર રૂલર ઈનોવેશનના નામથી જે યુનિવર્સિટીનો દરજ્જો ધરાવે છે. અને ગ્રામીણ અભિમુખતાને ધ્યાનમાં લઈને મોટાભાગના અભ્યાસક્રમોનું કલેવર હોય છે. તેના વિદ્યાર્થીઓનો 2026 નો દીક્ષાંત સમારોહ પૂજ્ય મોરારિબાપુના વડપણ તળે સણોસરા લોકભારતી ખાતે તારીખ 2 ઓક્ટોબરના રોજ મુખ્ય સભાગૃહમાં યોજાઈ ગયો. વિવિધ અભ્યાસક્રમોને પૂર્ણ કરીને જે વિદ્યાર્થીઓએ પદવી હાંસલ કરી છે તેને પૂ. મોરારિબાપુના વરદ હસ્તે ડિગ્રીઓ અર્પણ કરવામાં આવી. સમગ્ર અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં ઉચ્ચ ગુણાંક અને તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિવિધ એવોર્ડ થી નવાજવામાં આવ્યા. આ સમારોહમાં પ્રસ્તાવિક અને સ્વાગત પ્રવચન કરતા યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી ડો.અરુણ દવે જણાવ્યું કે આપણે આપણી સંસ્થાઓમાં વ્યાપને




મહત્વ આપતા નથી પરંતુ નમૂનોએ આપણે માટે ઉદાહરણરૂપ છે. આપણું કામ સંસ્કૃતિ અને પ્રકૃતિનેનુ પોષણ કરવાનું છે. ગામડાના પ્રશ્નો અને સમસ્યાઓને દૂર કરીને આજીવિકા,પુરુષાર્થ અને પ્રસન્નતાથી ગ્રામજગત હર્યુ ભર્યું થાય તે માટે આપ સૌએ પ્રયત્ન કરવાના છે. પૂ.મોરારિબાપુએ દિક્ષાંત મંગલ શબ્દોને સૌ સાથે વહેંચતા જણાવ્યું કે હું આ પ્રકારના કાર્યક્રમમાં શબ્દની પસંદગી કરવામાં ઘણીવાર અવઢવ સ્થિતિ પ્રાપ્ત કરું છું. પરંતુ અહીં મારે શબ્દોને ચૂંટવાના નથી કારણ કે હું આપ સૌ સાથે હવે જોડાઈને ગયો છું. ગુણનો સદુપયોગ કરીએ તે ગુણ છે પરંતુ તેનો દુરુપયોગ તે દોષ છે. આપ સૌ ગામડાને દિશા આપવાની જે કોશિશ કરી રહ્યા છો તે આવકાર્ય છે. આપણને સૌ કોઈને સેવા કરવાના હેવા પડવા જોઈએ એટલે ટેવ પડવી જોઈએ.બાપુએ પ્રતિક્ષા મૂલ્યો અને સેવાના સંકલ્પોને સાકારિત કરવા સૌએ લાગી પડવું જોઈએ એવી અપીલ કરી.

## UPI પેમેન્ટ પર 15 ઓક્ટોબરથી ઝીંકાનાર ચાર્જ સામે દેશવ્યાપી બંદ

# વડોદરાના વેપારીઓમાં ભારે રોષ, આજે ‘NO UPI DAY’ પાળીને ભયાનક વિરોધ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાથી લઈને સમગ્ર દેશભરમાં ડિજિટલ ઈન્ડિયાની કરોડરજ્જુ સમાન UPI વ્યવહારોને લઈને એક અત્યંત મોટા અને વિવાદાસ્પદ સમાચાર સામે આવ્યા છે. આગામી ૧૫ ઓક્ટોબરથી ૨,૦૦૦થી વધુના UPI વ્યવહારો પર વેપારીઓ માટે ૦.૪૦% ચાર્જ અને તેના પર ૧૮% GST ઝીંકવાની કમકમટી ઉપજાવે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ



નવા શોષણકારી નિયમ સામે સમગ્ર દેશના વેપારી વર્ગમાં ભારે વિરોધનો સૂર ઊઠ્યો છે, ત્યારે વડોદરાના વેપારી મંડળોએ સરકાર સામે ખુલ્લું બંડ પોકારીને ખતરનાક વિરોધની રણનીતિ અપનાવી છે.

આ અન્યાયી નિર્ણયના વિરોધમાં વડોદરાના અગ્રણી સંગઠનો દ્વારા આજે ૨જી ઓક્ટોબરે ‘NO UPI DAY’ પાળવાની ભવ્ય અને જોરદાર હાકલ કરવામાં આવી છે, જેને વડોદરાના ખૂણે-ખૂણેથી અભૂતપૂર્વ સમર્થન મળી રહ્યું છે. વેપારીઓની કમર તોડી નાખતા આ સરમુખત્યારશાહી નિયમ સામે લડી લેવા માટે વડોદરાના તમામ મોટા વેપારી સંગઠનો એક થઈ ગયા છે. આ ત્રણેય મજબૂત સંગઠનોના સંયુક્ત ઉપક્રમે સરકાર સામે રણશિંગુ ફૂંકવામાં આવ્યું છે. આયોજકો અને અગ્રણીઓના જણાવ્યા મુજબ, માત્ર મોટા શોરૂમ કે મોલ્સ જ નહીં પરંતુ શહેરના તમામ નાના-મોટા વેપારીઓ, કોર્પોરેટ કંપનીઓ તેમજ રસ્તા પર બેસતા લારીગલ્લા ધારકો અને શાકભાજી-ફળ વિક્રેતાઓ પણ આજના દિવસે સ્વૈચ્છિક રીતે UPIથી પેમેન્ટ લેવાનું સંપૂર્ણપણે બંધ રાખી રહ્યા છે.

## વડોદરાના ફતેગંજમાં વહીવટી તંત્રની લાલ આંખ

# M.S. યુનિવર્સિટી નજીક નિયમોના ધજાગરા ઉડાડતા ગેરકાયદે તંબાકુ વિક્રેતાઓ પર બુલડોઝર જેવી કાર્યવાહી!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના જાણીતા અને વ્યસ્ત ફતેગંજ વિસ્તારમાં તંત્ર દ્વારા એક અત્યંત આક્રમક અને સપાટો બોલાવતો ડ્રાઈવ શરૂ કરવામાં આવ્યો છે. એમ.એસ. યુનિવર્સિટી (MS University) અને શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના વિસ્તારોમાં છૂટથી વેચાતા નશીલા પદાર્થો, તંબાકુ તેમજ ગંદકી ફેલાવતા લારી-ગલ્લા ધારકો સામે મ્યુનિસિપલ કોર્પોરેશને લાલઘૂમ થઈને કડક કાર્યવાહી હાથ ધરી છે. યુવાધન અને વિદ્યાર્થીઓને બરબાદ કરતા આ તત્વો પર વહીવટી તંત્રના પ્રહારથી ખળભળાટ મચી ગયો છે. શાળા અને કોલેજોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં તમાકુ કે નશીલા પદાર્થોનું વેચાણ કરવા પર કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં નિયમોના ખુલ્લેઆમ ધજાગરા ઉડાડવામાં આવી રહ્યા હતા. COTPA એક્ટ (Cigarettes and Other Tobacco Products Act) ના કાયદાની કાળીી એસી ઉડાવતા આ વેપારીઓ સામે પાલિકાની દબાણ શાખાએ કડક વલણ અપનાવ્યું છે:

યુનિવર્સિટી અને મુખ્ય માર્ગો પર ગેરકાયદેસર રીતે તંબાકુ અને ગુટકા વેચતી ૩ લારીઓ દબાણ શાખા દ્વારા જપ્ત કરીને અંકે કરવામાં આવી છે.

દબાણ શાખા, આરોગ્ય અને ફૂડ વિભાગ દ્વારા સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું, જેનાથી ગેરકાયદે ધંધા કરનારાઓમાં નાસભાગ મચી ગઈ હતી.

માત્ર તંબાકુ જ નહીં, પરંતુ ફતેગંજ વિસ્તારમાં સ્વચ્છતાના નિયમોને નેવે મૂકીને ગંદકી ફેલાવતા વેપારીઓ અને એકમો પર પણ ગાજ વીંઝાઈ છે.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત ચેકિંગ: પાલિકાની સ્વચ્છતા અને ફૂડ સેફ્ટી ટીમ દ્વારા વિસ્તારની હોટલો, કેન્ટીનો અને ખાણીપીણીની લારીઓની સઘન તપાસ કરવામાં આવી હતી.

દંડકીય કાર્યવાહી: જાહેરમાં ગંદકી ફેલાવતા અને હાઈજિનના નિયમો ન પાળતા એકમોને સ્થળ પર જ નોટિસો ફટકારવામાં આવી હતી અને ભારેખમ આર્થિક દંડ વસૂલવામાં આવ્યો હતો.

# વડોદરાના રાવપુરામાં LCBના સપાટા: સુરસાગર પાસે ચાલતા કુખ્યાત વરલી મટકાના અડ્ડા પર રેડ

## રાવપુરા પોલીસ સ્ટેશને જુગારધારા હેઠળ ગુનો નોંધી ધડાધડ તપાસ શરૂ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં અસામાજિક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરનારાઓ સામે જિલ્લા પોલીસ વડા અને સ્થાનિક એજન્સીઓ દ્વારા સકંજો કડક કરવામાં આવ્યો છે. વડોદરાના અત્યંત વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા રાવપુરા વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે બાતમીના આધારે સપાટો બોલાવીને ખુલ્લેઆમ ધમધમતા વરલી મટકાના જુગારના અડ્ડા પર રેડ પાડી હતી. શહેરના મધ્યસ્થ કેન્દ્ર સમાન સુરસાગર વિસ્તારની આસપાસ ચાલતા આ ગેરકાયદે ખેલનો પર્દાફાશ કરી પોલીસે એક મુખ્ય આરોપીને રંગેહાથ ઝડપી પાડ્યો છે. રાવપુરા પોલીસ સ્ટેશન



વિસ્તાર અંતર્ગત આવતા સુરસાગર તળાવની આસપાસના પરિસરમાં વરલી મટકાનો જુગાર રમાડવામાં આવી રહ્યો હોવાની ચોક્કસ બાતમી LCBની ટીમને મળી હતી. બાતમી મળતાની સાથે જ પોલીસની ટીએ સમય ગુમાવ્યા વગર જાળ બિછાવી હતી અને સુરસાગર નજીક શંકાસ્પદ સ્થળે અચાનક ઓચિંતી રેડ (દરોડો) પાડી હતી. પોલીસના અચાનક આક્રમક આગમનથી જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસની આ ડી કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી વરલી મટકાનો જુગાર રમાડતા અને હિસાબો રાખતા હનીફભાઈ ભીંડાવાલા નામના શખ્સને પોલીસે દબોચી લીધો હતો. સ્થળ પરથી પોલીસે કડક તપાસ હાથ ધરીને રોકડ રકમ તેમજ જુગારના સાધનો જપ્ત કર્યા હતા:

રોકડ રકમ: વરલી મટકાના જુગારમાંથી મળી આવેલ 14,480 ની રોકડ રકમ. અન્ય મુદ્દામાલ: આંક-ફરકા લખેલી શંકાસ્પદ કાપલીઓ, ગ્રાહકો સાથે સંપર્ક કરવા માટે ઉપયોગમાં લેવાતો મોબાઈલ ફોન તેમજ આરોપીનું એક્ટિવા વાહન. કુલ કિંમત: આમ, પોલીસે કુલ 48,480 નો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝડપાયેલા આરોપી હનીફભાઈ ભીંડાવાલા વિરુદ્ધ રાવપુરા પોલીસ સ્ટેશનમાં જુગારધારા (ગ્મબલિંગ એક્ટ) હેઠળ કડક ગુનો નોંધવામાં આવ્યો છે. આ નેટવર્કની પાછળ અન્ય કોણ કોણ સંડોવાયેલું છે અને આ જુગારનું સામ્રાજ્ય ક્યાં સુધી ફેલાયેલું છે તે અંગે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે.

# શિનોર કોર્ટનો ચેક રિટર્ન કેસમાં ચુકાદો : આરોપીને 1 વર્ષની કેદ અને રૂ.30 હજાર વળતરનો આદેશ

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સુરાસામળ ગામના ઝાકીરભાઈ રાવતખાં રાઠોડ ખેતી કરીને ગુજરાન ચલાવે છે. તેઓ ખેતીવાડી માંથી ઉત્પન્ન થતું લીલું તથા સૂકુ કચરુ(ગોતર) આજુબાજુના ખેડૂતો પાસેથી વેચાણ લે છે અને આ કચરાનો જથ્થાબંધ વેપાર કરતા આરોપી રફિકભાઈ એ. મહિડા રહેવાશી બોરીયા તાલુકો પેટલાદ ને આપે છે. આમ છેલ્લા પાંચ - છ વર્ષથી આ રીતે ધંધો ચાલતો હતો. આ સંબંધનો ફાયદો લઈને આરોપી દ્વારા જૂન 2023માં પોતાને રૂપિયા 20,000 ની જરૂર છે એમ કહીને એક મહિના માટે ફરિયાદી પાસેથી હાથ ઊછીના લીધા હતા. એક મહિના પછી ફરિયાદીએ ઉઘરાણી કરતા આરોપીએ બેન્ક ઓફ બરોડા નો ચેક આપ્યો હતો, આ ચેક બેંકમાંથી પૂરતું બેલેન્સ ના હોવાના શેરા સાથે પરત આવતા આરોપીએ પોતાના સાધલીના વકીલ આશીફ નકુમ, આર.એફ. ગીરાસિયા અને પર્વતસિંહ કુશવાહા મારફત નોટિસ આપતાં નોટિસ નો જવાબ ના આવતાં નામદાર શિનોર કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ 138 મુજબ ફરિયાદ કરી હતી.

વકીલોની ધારદાર રજૂઆત તથા હાઈકોર્ટના હુકમોને ધ્યાને લઈને મેં શિનોર ના પ્રિન્સિપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (એમ. એમ.સૈયદ )શિનોર દ્વારા તારીખ 1 ઓક્ટોબર 2026 ના રોજ હુકમ કરીને આરોપી રફિકભાઈ એ. મહિડા ને એક વર્ષની સાદી કેદની સજા અને વળતર પેટે રૂપિયા 30,000 ફરિયાદી ઝાકીરભાઈ રાઠોડ ને આપવા અને ના ચૂકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ફટકારેલ છે.

# ગુતાલમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો, દંડા-પાઈપ સાથે બબાલ : પોલીસ દોડી આવી

## જૂથ અથડામણથી ગામમાં તંગદિલીનો માહોલ; પોલીસનો કાફલો પહોંચતા તોફાની તત્વો ફરાર, CCTVના આધારે તપાસ શરૂ

નડિયાદ/વડતાલ

ખેડા જિલ્લાના વડતાલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગુતાલ ગામેથી એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી નાખે તેવી ઘટના સામે આવી છે. ગુતાલ ગામે અચાનક બે જૂથો વચ્ચે સામાન્ય કે જૂની બાકી રહેલી અદાવતને લઈને માહોલ એટલો હદે ગરમાયો કે જોતજોતામાં ખૂની ખરાબા જેવો ઘાતકી માહોલ સર્જાયો હતો. ગામના જાહેરમાં હાથમાં લાકડાના મોટા-મોટા દંડા અને લોખંડની પાઈપો લઈને આવેલા ઉશ્કેરાયેલા ટોળાએ આતંક મચાવ્યો હતો અને બેફામ પથ્થરમારો શરૂ કરી દીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગુતાલ ગામે અચાનક જ બે પક્ષો - આવી ગયા હતા. મામલો એટલો હદે ઉગ્ર બન્યો કે બંને પક્ષના લોકોએ કાયદા કે વ્યવસ્થાની કોઈ જ પરવા કર્યા વિના એકબીજા પર જીવલેણ હુમલા શરૂ કરી દીધા હતા. ઉત્તેજિત



ટોળાએ હાથમાં લાકડાના મોટા-મોટા દંડા પકડીને આડેધડ ફટકા માર્યા હતા, તો બીજી બાજુ છાપરાઓ અને રસ્તાઓ પરથી ધડાધડ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ભયાનક પથ્થરમારા અને હુમલાને કારણે આખો વિસ્તાર થોડીવાર માટે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયો હતો. ઘટનાને પગલે રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને આસપાસના મકાનોમાં રહેતા નિર્દોષ નાગરિકો જીવ બચાવવા માટે ફાફડા બન્યા હતા. ગામમાં અચાનક ફેલાયેલી આ હિસાત્મક હિંસાના કારણે ભયનો માહોલ છવાઈ ગયો હતો અને લોકોએ પોતાના ઘરના દરવાજા બંધ કરી દીધા હતા. આ મામલે ગુતાલ ગામે મોટાપાયે પથ્થરમારો અને બબાલ થયાની જાણ થતાં જ વડતાલ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસની ગાડીઓનું સાયરન સાંભળતા જ તોફાની તત્વો ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને ગામમાં વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ ઘાતક હુમલા અને પથ્થરમારામાં સંડોવાયેલા મુખ્ય આરોપીઓની ઓળખ કરવાનું કામ પોલીસે શરૂ કરી દીધું છે. સીસીટીવી ફૂટેજ અને સ્થાનિક લોકોની પૂછપરછના આધારે ગુનો નોંધવાની અને તોફાની તત્વોને સકંજામાં લેવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કાયદો હાથમાં લેનારા આ અસામાજિક તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે.

## રાજકોટમાં ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધોને કલંકિત કરતો શરમજનક કિસ્સો

# સરકારી શાળાના નફ્ફટ ગણિતના શિક્ષકે 14 વર્ષની સગીરાને માર્ક્સની લાલચ આપીને આચર્યું દુષ્કર્મ!

રાજકોટ

સંસ્કાર અને શિક્ષણના ધામ ગણાતા ગુજરાતમાં ગુરુ અને શિષ્યાના પવિત્ર નાતાને શર્મસાર કરી દેતી એક અત્યંત જઘન્ય, ધૃણાસ્પદ અને કાળજું કંપાવતી ઘટના રંગીલા રાજકોટમાંથી સામે આવી છે. રાજકોટની સરકારી શાળાના એક લંપટ ગણિતના શિક્ષકે ૧૪ વર્ષની માસૂમ સગીરાને પરીક્ષામાં સારા માર્ક્સે પાસ કરાવવાની લાલચ આપી અને નાપાસ કરી દેવાની ધમકીઓ આપીને લાંબા સમય સુધી તેની સાથે પાશવી અત્યાચાર આચર્યો હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. આ શરમજનક ઘટનાથી સમગ્ર શિક્ષણ જગતમાં અને વાલીઓમાં ભારે રોષની આગ ભડકી ઉઠી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટની સરકારી મધર ટેરેસા સ્કૂલ નંબર-૮૮માં ગણિત વિષય ભણાવતો નરાધમ શિક્ષક મોહિત ટાંક લાંબા સમયથી એક ૧૪ વર્ષની સગીર વિદ્યાર્થિની પર પોતાની કુદ્રષ્ટિ રાખી રહ્યો હતો.

શિક્ષકે વિદ્યાર્થિનીને ગણિત વિષયમાં સારા માર્ક્સે પાસ કરાવી દેવાની લાલચ આપી હતી. એટલું જ નહીં, જો તે તેની વાત નહીં માને તો તેને બોર્ડ કે શાળાની પરીક્ષામાં નાપાસ કરી દેવાની અને ભવિષ્ય બરબાદ કરી દેવાની ઘાતક ધમકીઓ આપતો હતો.

આરોપી શિક્ષક ’બુક ભૂલી ગઈ છું’ કે અન્ય બહાના હેઠળ સગીરાને પોતાના ફ્લેટ પર લઈ જઈને છેલ્લા અંદાજે ચાર મહિનાથી ભયના તેની સાથે દુષ્કર્મ આચરતો રહ્યો હતો. આ પાપનો સિલસિલો શૈક્ષણિક સત્ર પૂરું થયું ત્યાં સુધી ચાલ્યો હતો. ઘરે આવ્યા બાદ દીકરી સતત ગુમસુમ, ડરેલી અને માનસિક તણાવમાં રહેતી હોવાથી તેની માતાને શંકા ગઈ હતી. માતાએ પ્રેમથી પૂછપરછ કરતા માસૂમ દીકરીએ આપવીતી વર્ણવી હતી, જેને સાંભળીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

# ગાંધી જયંતી નિમિત્તે કાર્યક્રમોનું આયોજન : પોલીસ દ્વારા નશા મુક્તિ માટે જન જાગૃતિ કાર્યક્રમ

■ અમદાવાદ શહેર પોલીસ દ્વારા આજે બે ઓક્ટોબરના રોજ ગાંધી જયંતીના દિવસે નશા વિરોધી જનજાગૃતિ માટે વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું

અમદાવાદ

આજે 2 ઓક્ટોબરના રોજ ગાંધી જયંતીને લઈને અમદાવાદ શહેરમાં અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરમતી ગાંધી આશ્રમ ખાતે સર્વ ધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર પોલીસ દ્વારા નશા વિરોધી જનજાગૃતિ માટે વોકેથોન નું આયોજન પણ સાબરમતી ગાંધી આશ્રમથી કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા શ્રમદાનને લઈ રાજપથ ક્લબ નજીક સફાઈ કાર્યક્રમ યોજ્યો હતો અમદાવાદ શહેર પોલીસ દ્વારા આજે બે ઓક્ટોબરના રોજ ગાંધી જયંતીના દિવસે નશા વિરોધી જનજાગૃતિ માટે વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘નશામુક્ત સમાજ, સ્વસ્થ સમાજ’ના સંદેશ સાથે જાગૃતિ ફેલાવવા પોલીસ કમિશનર અનુપમસિંહ



ગહેલોત અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા યુવાનો સહિત સમગ્ર સમાજને નશાથી દૂર રહેવા માટે જણાવ્યું હતું. કાર્યક્રમના બેનરમાં નશીલા પદાર્થો અને ડ્રગ્સના ગંભીર પરિણામો અંગે પણ લોકોને ચેતવણી આપવામાં આવી છે. ‘નશાની લત એક બીમારી છે, તેનાથી દૂર રહેવામાં સમજદારી છે’ જેવા સંદેશ દ્વારા નશાની લતથી થતા નુકસાન અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## તંત્રી લેખ...

# સત્તાના મદમાં અંધ બનેલી સરકારે દિલ્હીમાં લોકશાહીનું ગળું ઘોંટી નાખ્યું!

### મુખ્ય ચૂંટણી કમિશનર સામે અવાજ ઉઠાવતા સાંસદ મનોજ ઝા, આતિશી અને સૌરભ ભારદ્વાજની દિલ્હી પોલીસ દ્વારા બળપૂર્વક અટકાયત

લોકશાહીના પવિત્ર મંદિરો અને આડેધડ કાયદાઓનો ઓથ લઈને સત્તાના નશામાં ચૂર શાસકો શું હવે વિપક્ષના અવાજથી એટલા બધા ડરી ગયા છે કે તેઓ સામાન્ય વિરોધ પ્રદર્શન કે 'સત્યાગ્રહ'થી પણ કાંપવા લાગે છે? દિલ્હીના જંતર-મંતર પર દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારની વિવાદાસ્પદ કામગીરી સામે લોકશાહીના હકો માટે 'સત્યાગ્રહ' કરવા જઈ રહેલા રાષ્ટ્રવાદી નેતાઓ અને વિપક્ષી સાંસદો સામે ખાકી વર્દીની જે દાદાગીરી સામે આવી છે, તેણે દેશની રાજકીય ગલીઓમાં ભૂકંપ મચાવી દીધો છે.

૧. ગભરાયેલી સરકારનો કાયર ચહેરો: સાંસદ મનોજ ઝા સળિયા પાછળ કે નજરકેદ?

પ્રસિદ્ધ રાજકીય ચિંતક અને કાર્યકર યોગેન્દ્ર યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (X) પર હાહાકાર મચાવતી પોસ્ટ શેર કરતા દાવો કર્યો છે કે, 'ગભરાયેલી સરકારે જંતર-મંતર સત્યાગ્રહમાં સામેલ થવા જઈ રહેલા રાજ્યસભાના લોકપ્રિય સાંસદ મનોજ ઝાને હિરાસતમાં લીધા છે.'

સવાલ એ થાય છે કે: એક જવાબદાર સંસદસભ્ય, જે બંધારણીય રીતે જનતાના હક માટે અવાજ ઉઠાવવાનો અધિકાર ધરાવે છે, તેમને રસ્તા પર પોલીસ બળ દ્વારા ઘેરી લેવા અને અટકાયતમાં લેવા તે કયા બંધારણનું પાલન છે?

શું દેશમાં હવે લોકશાહીનો અવાજ માત્ર બંદૂકની નાળી અને




પોલીસની લાઠીઓ નીચે જ કચડી નાખવામાં આવશે? મનોજ ઝા જેવા પ્રખર વક્તા અને જનતાના અવાજને ડામી દેવાનો આ પ્રયાસ શાસકોની કાયરતા સાબિત કરે છે.

૨. વિરોધ કરતા પહેલા જ આપ નેતાઓ આતિશી અને સૌરભ ભારદ્વાજ ડિટેઈન!

મામલો માત્ર મનોજ ઝા પૂરતો સીમિત ન રહ્યો, પરંતુ સરકારનો ડર આનાથી પણ મોટો હતો. જંતર-મંતરના પવિત્ર સ્થળ પર પ્રદર્શન શરૂ થાય તે પહેલા જ આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાઓ–આતિશી અને સૌરભ ભારદ્વાજને દિલ્હી પોલીસે ધડપકડ કરી લીધી હતી.

તેમની સાથે અનેક યુવા કાર્યકરો અને પ્રદર્શનકારીઓને પણ બળપૂર્વક પોલીસ વાહનોમાં ભરીને ખેંચી જવામાં આવ્યા.

પ્રશ્નો પૂછવાની તાકાત ધરાવતા ચહેરાઓને પકડીને જેસલમેરની જેલ જેવા માહોલમાં પૂરી દેવાની આ હરકત ખુલ્લેઆમ એ દર્શાવે છે કે સરકાર વિરોધના એક-એક સુરને મૂળમાંથી ઉખડી નાખવા માટે કેટલી બેતાબ બની ચૂકી છે. પ્રજાના પ્રતિનિધિઓ સાથે અપરાધીઓ જેવું વર્તન કરવાની આ રાજનીતિ લોકશાહીના કાળી ટીલી સમાન છે.

૩. પરવાનગી નામંજૂર અને કલમ ૧૬૩: દિલ્હીને છાવણીમાં ફેરવવાનું મોટું કાવતરું

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારની કામગીરી અને પારદર્શિતા સામે સવાલો ઉઠાવી રહેલા વિપક્ષી અવાજને રોકવા માટે દિલ્હી પ્રશાસને લોકશાહીનું ગળું ઘૂંટવામાં કોઈ કસર ન છોડી:

પ્રદર્શન પર સંપૂર્ણ પ્રતિબંધ: દિલ્હી પોલીસે જંતર-મંતર પર કોઈપણ પ્રકારના વિરોધ પ્રદર્શન કે ધરણા યોજવાની સાફ મનાઈ ફરમાવી દીધી હતી.

કલમ ૧૬૩ નું શસ્ત્ર: અવાજના આ વવાઝોડાને ડામી દેવા માટે બીએનએસ (BNS) ની કલમ ૧૬૩ (જૂની કલમ ૧૪૪ જેવું પ્રતિબંધક આદેશ) લગાવી દેવામાં આવી.

પોલીસ છાવણીમાં ફેરવાયું દિલ્હી: નવી દિલ્હીના ખૂણે-ખૂણે પોલીસનો ભારે કાફલો, અર્ધલશ્કરી દળો અને સુરક્ષાવ્યવસ્થા ગોઠવી દેવાઈ, જેથી વિરોધ કરનાર કોઈ પક્ષી પણ પર ન મારી શકે.

૪. નિષ્પક્ષ પદો પર સવાલો અને શાસકોની મૌન મિલીભગત

આખરે સૌથી મોટો સવાલ એ ઉદ્ભવે છે કે જ્યારે લોકશાહીમાં ચૂંટણી પંચ જેવા સર્વોચ્ચ અને નિષ્પક્ષ ગણાતા બંધારણીય પદો સામે ગંભીર સવાલો ઉઠે, ત્યારે પારદર્શક જવાબો આપીને જનતાનો વિશ્વાસ જીતવાને બદલે ખાકી વર્દીના જોરે અવાજને દબાવી દેવો કેટલો યોગ્ય છે?

જો શાસકો ખરેખર ઈમાનદાર અને લોકશાહીમાં માનનારા હોય, તો તેઓ વિરોધ પ્રદર્શનથી આટલા બધા કેમ ડરે છે? પ્રજાના ટેક્સના પૈસાથી ચાલતી આ વ્યવસ્થામાં જો સવાલો પૂછવાની પણ મનાઈ હોય, તો આઝાદીના આ ૭ વર્ષ પછી પણ આપણે ગુલામીમાં જ જીવી રહ્યા છીએ કે શું?

નિષ્કર્ષ:

પ્રજાના પ્રતિનિધિઓ સાથે અપરાધી જેવું વર્તન કરવાની આ દમનકારી રાજનીતિ આગામી દિવસોમાં દેશને કઈ ભયાનક દિશામાં લઈ જશે, તે એક ગંભીર ચિંતાનો વિષય છે. જનતાએ હવે જાગવાનો સમય આવી ગયો છે, કારણ કે આજે જો વિપક્ષનો અવાજ દબાવવામાં આવ્યો છે, તો કાલે સામાન્ય નાગરિકના હકો પણ સુરક્ષિત નહીં રહે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# જ્યારે ન્યાય નથી મળતો, ત્યારે માત્ર આંસુ નથી પડતાં... એક એવી આગ જન્મે છે, જેની ગરમી પેઢીઓ સુધી અનુભવાય છે!

જ્યારે ન્યાય આંધળો બને છે, ત્યારે જન્મે છે શ્રાપ: અને એની કિંમત ચૂકવે છે આવનારી પેઢીઓ

સત્તા, સંપત્તિ અને અહંકારના નશામાં ચૂર માણસ ઘણીવાર એક ભયાનક ભ્રમમાં જીવે છે કે કાયદાની આંખે પાટા બાંધી શકાય છે, પૈસાથી સાક્ષીઓ ખરીદી શકાય છે અને વગ વાપરીને અદાલતોના ચુકાદા બદલી શકાય છે. માણસ ભૂલી જાય છે કે સંસારની ન્યાયવ્યવસ્થા ભલે કાગળિયાં અને પુરાવાઓ પર ચાલતી હોય, પણ કુદરતના ચોપડે કોઈ પાનું ક્યારેય ફાડી શકાતું નથી.

જ્યારે ન્યાય આંધળો બનીને પીડિતના બદલે અત્યાચારીનો પક્ષ લેવા લાગે, ત્યારે અદાલતના ઓરડાઓમાં ભલે સોપો પડી જાય, પણ બ્રહ્માંડની અદ્રશ્ય અદાલતમાં એક પ્રચંડ અવાજ ગુંજતો હોય છે અને એ અવાજ એટલે અસહાય આત્મામાંથી નીકળેલો નિસાસો.

લોકો જેને 'શ્રાપ' કહે છે, એ કોઈ તલવાર કે બંદૂક નથી જે એક જ ઘામાં લોહી વહાવી દે. એ તો સમયના ગર્ભમાં ધૂંધવાતો એવો દાવાનળ છે, જે દેખાતો નથી પણ પેઢીઓની વંશાવળીઓને મૂળિયાં સહિત બાળીને ભસ્મ કરી નાખે છે.

આંસુ જ્યારે અગ્નિ બને છે ત્યારે લાચારીની અંતિમ અરજી ઉપર નોંધાય છે

દુનિયા જેને માત્ર આંખનું પાણી સમજે છે, એ ખરેખર કાળજાનો લાવા હોય છે. સંત કબીર અને ગોસ્વામી તુલસીદાસજી સદીઓ પહેલાં આ ચેતવણી આપી ગયા હતા

'તુલસી હાય ગરીબ કી, કબહૂઁ ન ખાલી જાયા મુઇ ઢોર કે ચામ સોં, લોહ ભસમ હો જાયા।'

વિચારો, જો મરેલા પશુના ચામડામાંથી બનેલી લુહારની ધમણ ફૂંકાઈને કઠણ લોખંડને પીગળાવી શકતી હોય, તો જીવતા-જાગતા નિર્દોષ માણસના કાળજામાંથી નીકળેલો નિસાસો કયા અભિમાનને માટીમાં નહીં મેળવી દે?

જ્યારે કોઈ વ્યક્તિ પાસે લડવાની કોઈ તાકાત નથી બચતી, જ્યારે કાયદો, સમાજ અને સંબંધો બધા જ તેનો સાથ છોડી દે છે અને તે લાચાર થઈને ઉપર આકાશ સામે હાથ જોડે છે ત્યારે એ માત્ર લાચારી નથી રહેતી, એ કુદરતની સર્વોચ્ચ અદાલતમાં નોંધાયેલી સૌથી આકરી અરજી બની જાય છે.

મહાભારત માત્ર ૧૮ દિવસનું યુદ્ધ કે હસ્તિનાપુરના સિંહાસનની લડાઈ નહોતી. એ તો વર્ષોથી સભાખંડોમાં ધરબાયેલા અહંકાર, પક્ષપાત અને પાપી મૌનનો વિસ્ફોટ હતો.

### દ્રૌપદીનું ચીરહરણ અને વડીલોનું મૌન

સભામાં માત્ર દુ:શાસન કે દુર્યોધન જ નહોતા. ત્યાં ભીષ્મ પિતામહ જેવા ઈચ્છામૃત્યુનું વરદાન પામેલા જ્ઞાની હતા, દ્રોણાચાર્ય જેવા ગુરુશ્રેષ્ઠ હતા અને કૃપાચાર્ય જેવા વિદ્વાનો હતા. પરંતુ જ્યારે એક સ્ત્રીની લાજ લૂંટાતી હતી, ત્યારે સમગ્ર સભા નીચી આંખો કરીને મૌન બેસી રહી.

પાઠ સ્પષ્ટ છે અન્યાય કરનારના હાથમાં જેટલી તાકાત હોય છે, એના કરતાં અનેક ગણી વધારે તાકાત સાચું જાણીને ચૂપ રહેનારાઓનું મૌન આપે છે. ભીષ્મ જેવા પરમ ધર્માત્માએ પણ છેવટે બાણોની શય્યા પર સૂવું પડ્યું, કારણ કે તેઓ પાપ સામે બળવો કરવાને બદલે 'રાજમર્યાદા'નું બહાનું કાઢીને મૂંગા રહ્યા હતા.

ધૃતરાષ્ટ્રનો પુત્રમોહ આંખોનું નહીં, બુદ્ધિનું અંધત્વ હતું

ધૃતરાષ્ટ્ર શારીરિક રીતે અંધ હતા, પણ વિનાશ તેમના અંધાપાએ નહીં, તેમના પક્ષપાતી મોહે નોતર્યો હતો. પોતાના સંતાનની દરેક ભૂલ પર 'મારો દીકરો છે' કહીને ઢાંકપિછોડો કરનારા મા-બાપ સંતાનને પ્રેમ નથી કરતા, એના વિનાશની પટકથા લખતા હોય છે. પરિણામ શું આવ્યું? જે ૧૦૦ દીકરાઓ માટે આખો દેશ દાવ પર લગાવી દીધો, અંતે એ ૧૦૦ દીકરાઓમાંથી પિંડદાન કરવા માટે એક પણ અંશ જીવતો ન



બચ્યો.

કર્ણ દાનવીર હતો, પરાક્રમી હતો, છતાં તેનો અંત દુ:ખદ રહ્યો. કારણ? ભૂતકાળમાં પોતાની સાથે અન્યાય થયો હતો એ પીડાને તેણે સુધારી નહીં, પણ એ પીડામાંથી કડવાશ જન્માવીને અધર્મી દુર્યોધનનો સાથ આપ્યો. પોતે અન્યાય સહન કર્યો હોય એટલે બીજા સાથે અન્યાય કરવાનો કોઈ પરવાનો નથી મળી જતો.

કર્મના ચક્રવૃદ્ધિ વ્યાજનો હિસાબ ઘણા લોકો અભિમાનમાં છલકાઈને કહે છે 'અમે તો કાવતરાં કરીને કરોડોની સંપત્તિ ભેગી કરી લીધી, અમારું કોણ શું બગાડી ગયું?'

પણ તેઓ ભૂલે છે કે કુદરતનો હિસાબ ક્યારેય સામાન્ય ગણિતથી નથી ચાલતો. ત્યાં મુદ્દલ કરતાં વ્યાજ આકરું હોય છે.

અધર્મના પાયા પર મહેલો હવેલીઓ ગમે તેટલી ભવ્ય બને, પણ એ ઘરોમાંથી માનસિક શાંતિ કાયમ માટે ગાયબ થઈ જાય છે. કોઈનું લોહી ચૂસીને મેળવેલું ધન એ પૈસો ક્યારેય આયુષ્ય કે તંદુરસ્તી નથી આપતો; એ ધન અસાધ્ય બીમારીઓ, અકાળ મૃત્યુ અને કોર્ટ-કચેરીઓમાં જ પૂરું થાય છે.

પીડિતના હક છીનવી ઊભી કરેલી શાખ સંતાનો સંસ્કારી બનવાને બદલે વ્યસની, સ્વચ્છંદી કે અયોગ્ય નીવડે છે, જે પોતાની જ આંખો સામે આખા વંશનું નામ ડુબાડે છે.

એક પેઢી કોઈ ગરીબનો હક છીનવે છે, બીજી પેઢી એ હકની સુવિધાઓ ભોગવે છે, પણ ત્રીજી પેઢીને ખબર પણ નથી હોતી કે તેમની સમૃદ્ધિના પાયામાં કોઈના કલ્પાંત અને આંસુ દટાયેલા છે. અન્યાયથી મેળવેલું ધન કદાચ તિજોરીમાં રહી જાય, પણ વંશમાંથી ચેન અને બરકત બંને સરકી જાય છે.

એટલે જ બદલો નહીં, ન્યાય પસંદ કરો

અન્યાય સહન કરનાર વ્યક્તિ સામેનો સૌથી મોટો પડકાર એ છે કે તે પોતે વેરની આગમાં અન્યાયી ન બની જાય.

ગુસ્સો અને અહંકાર અંદરથી પોકારે છે

"તેણે મારી સાથે આવું કર્યું, હવે હું પણ એ જ સ્તર પર જઈને બદલો લઈશ."

પણ અંતરાત્મા અને ધર્મ યાદ અપાવે છે:

"તેણે ખોટું કર્યું છે, પણ હું ખોટો રસ્તો નહીં પકડું."

બદલો માણસને સામેવાળા દાનવ જેવો જ બનાવી દે છે, જ્યારે ન્યાય માણસની નૈતિકતા અને સચ્ચાઈને અખંડ રાખે છે. પીડિતે વેર વાળવા માટે પોતાના હાથ ગંદા કરવાની જરૂર નથી પડતી; કારણ કે જે કામ કાયદો નથી કરી શકતો, એ કામ સમયની અદ્રશ્ય લાકડી કરી બતાવે છે. અને સમયની લાકડી પડે છે ત્યારે અવાજ નથી આવતો, માત્ર પરિણામો ભોગવવા પડે છે.

હવે વિચારો કે તમે તમારી પેઢીને સાચો વારસો કયો આપશો?

પોતાના સંતાનો માટે જમીન રાખો, સોનું રાખો, બંગલા બાંધો કે ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરો એ બધું ઉત્તમ છે. પરંતુ આ બધાથી ઉપર એક વારસો એવો આપજો જે કોઈ ચોરી ન શકે સત્ય અને ન્યાયનો વારસો.

કોઈનું દિલ દુભાવીને, કોઈ નબળાની મજબૂરીનો ફાયદો ઉઠાવીને કે કોઈ સાચા માણસના હક પર પોતાનો સિક્કો મારીને ક્યારેય તિજોરીઓ ન ભરવી. કારણ કે કોઈના હકનું લૂંટીને સંતાનો માટે જે સોનાના સિંહાસનો બનાવો છો, સમય આવે ત્યારે એ જ સિંહાસનો આવનારી પેઢીઓ માટે ચિતા બનીને સાબિત થાય છે.

કોઈ નબળા પર અત્યાચાર ગુજારતાં પહેલાં,

કોઈ નિર્દોષનું અપમાન કરતાં પહેલાં,

અને અન્યાય જોઈને કાયરની જેમ ચૂપ રહેતાં પહેલાં... એક ક્ષણ રોકાઈને વિચારજો અન્યાયની આગમાં પહેલું ઘર ભલે પીડિતનું બળે, પણ એ આગની રાખ આખરે અન્યાય કરનારના ઉંબરે પણ પહોંચે જ છે.

જ્યારે ન્યાય મૌન થાય છે ત્યારે અન્યાય ગર્જે છે, પણ જ્યારે અન્યાય હદ વટાવે છે ત્યારે સમય પોતે હિસાબ ચૂકતે કરવા ઊભો થાય છે. માણસની કોર્ટમાં તારીખો પડી શકે છે, પણ કર્મની અદાલતમાં ક્યારેય મુદત નથી પડતી ત્યાં સીધો અને સચોટ હિસાબ જ થાય છે!

એટલે જ અન્યાયને સમયસર રોકી દો; કારણ કે આજે જે અન્યાય એક વ્યક્તિને રડાવે છે, એ જ અન્યાય આવતીકાલે આખી પેઢીને રડાવી શકે છે.

**દર્શના પટેલ**

**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# અમેરિકામાં H-1B વિઝા કાયમ માટે બંધ થશે? ઉપ પ્રમુખ જેડી વેન્સના નિવેદનથી ભારતીયોમાં ફફડાટ!

વૉશિંગ્ટન

અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ દ્વારા H-1B વિઝા પ્રોગ્રામ અંગે મોટું નિવેદન આપવામાં આવ્યું છે. તેમણે આ પ્રોગ્રામને સંપૂર્ણપણે 'બ્રોકન' એટલે કે ભાંગી પડેલો ગણાવ્યો છે અને જણાવ્યું છે કે, 'હું તેને સંપૂર્ણપણે નાબૂદ કરવાના પક્ષમાં છું.' તેમનો આરોપ છે કે અમેરિકન કંપનીઓ આ સિસ્ટમનો દુરુપયોગ કરીને સ્થાનિક અમેરિકન કર્મચારીઓની જગ્યાએ સસ્તા વિદેશી શ્રમિકોને કામ પર રાખી રહી છે. સસ્તા શ્રમિકોના ઉપયોગ પર સવાલો એક ઈન્ટરવ્યૂ દરમિયાન જેડી વેન્સ સ્પષ્ટ કર્યું કે, 'હાઈ સ્કીલ્સ ધરાવતા વિદેશી વ્યાવસાયિકોને લાવવા અને શ્રમ ખર્ચ ઘટાડવા માટે આ વિઝાનો દુરુપયોગ કરવામાં ઘણો તફાવત છે.' તેમણે ઉદાહરણ આપતાં કહ્યું કે, 'જો કોઈ અમેરિકન એકાઉન્ટન્ટને બદલે 45,000 ડૉલરમાં કોઈ વિદેશી એકાઉન્ટન્ટને લાવવામાં આવે, તો તે કોઈ જીનિયસને લાવવા જેવું નથી, પરંતુ અમેરિકન નોકરીઓનો નાશ કરવા સમાન છે.

ટૅક્નોલૉજી કંપનીઓ ઉપરાંત એકાઉન્ટિંગ ફર્મો પણ આ સિસ્ટમનો ગેરલાભ ઉઠાવી રહી છે.' 1,00,000 ડૉલરની ફી અને ટ્રમ્પનો નિર્ણય આ વિઝાના દુરુપયોગને રોકવા માટે ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા નવી વિઝા ફી 1,00,000 ડૉલર કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આ પાછળનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો હતો કે જે કંપનીઓ ખરેખર જરૂર હોય




તેઓ જ આ પ્રોગ્રામનો ઉપયોગ કરે. જોકે, આ ભારે ભરખમ ફી સામે સતત કાનૂની પડકારો સામે આવી રહ્યા છે. કોર્ટના આદેશથી ફી પર રોક ટ્રમ્પ પ્રશાસનના આ નિર્ણય સામે યુનિયનો, એમ્પ્લોયરો અને બિન-નફાકારક સંસ્થાઓ દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ મામલે ઓકલેન્ડ, કેલિફોર્નિયાના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ હેવુડ ગિલિયમે જરૂરી નિયમ બનાવવાની પ્રક્રિયાનું પાલન ન કરવા બદલ આ નવા 1,00,000 ડૉલરના ફી હુકમ પર રોક લગાવી દીધી છે.

# પ્રેમ વ્યક્તિથી નહીં, તેની નાની નાની વાતોથી થતો હોય છે

પ્રેમની શરૂઆત ઘણી વખત કોઈ મોટા વચનથી થતી નથી.

ક્યારેક તો એક નાનકડી કાળજી, એક નિ:સ્વાર્થ પૂછપરછ, એક મૌન સમજણ અને કોઈની નાની એવી આદતથી હૃદયને ખબર પડી જાય છે કે–આ વ્યક્તિ હવે માત્ર વ્યક્તિ નથી રહી, જીવનનો એક હિસ્સો બની ગઈ છે.

આપણે ઘણી વખત કહીએ છીએ કે, "મને તારી સાથે પ્રેમ છે." પરંતુ હકીકતમાં પ્રેમ કદાચ વ્યક્તિ સાથે જેટલો નથી હોતો, એટલો તો તેની સાથે જોડાયેલી નાની નાની વાતો સાથે થઈ જાય છે.

કોઈનો "જમ્યો કે નહીં?" પૂછવાનો અંદાજ,
કોઈની ગુસ્સામાં પણ છુપાયેલી ચિંતા,
કોઈનું વારંવાર એક જ વાત કહેવું,
કોઈની રાહ જોવાની ટેવ,
કોઈના અવાજમાં રહેલી ઓળખીતી હૂંફ...
આ બધું ધીમે ધીમે આપણા હૃદયમાં ઘર કરી જાય છે.

"પ્રેમમાં સૌથી સુંદર ક્ષણ એ નથી,
જ્યારે કોઈ આપણને 'પ્રેમ' કહે;
સૌથી સુંદર ક્ષણ તો એ છે,
જ્યારે કોઈની નાની કાળજી વિના
આપણો દિવસ અધૂરો લાગવા લાગે."

સાચો પ્રેમ કદાચ એ નથી કે સામેની વ્યક્તિ કેટલી સુંદર છે, કેટલી સફળ છે કે આપણને કેટલી ખુશી આપે છે. સાચો પ્રેમ ત્યારે જન્મે છે જ્યારે આપણે તેની નબળાઈઓ જાણ્યા પછી પણ તેના પ્રત્યેની લાગણીમાં ઘટાડો ન થવા દઈએ.

કારણ કે સંપૂર્ણ માણસ તો કોઈ નથી.

દરેક વ્યક્તિની પોતાની અધૂરી વાર્તા હોય છે. કોઈના સ્વભાવમાં અહંકાર હોય છે, કોઈના ભૂતકાળમાં દુ:ખ હોય છે, કોઈ અંદરથી તૂટેલું હોય છે તો કોઈ પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકતું નથી. પ્રેમ એ બધું સુધારવાની ઉતાવળ નથી કરતો; પ્રેમ પહેલાં તેને સમજવાની કોશિશ કરે છે.

ક્યારેક જીવનમાં એવી વ્યક્તિ મળે છે, જેની સાથે વાત કરવા માટે કોઈ ખાસ વિષયની જરૂર પડતી નથી. કલાકો સુધી વાત થાય અને છતાં લાગે કે હજુ ઘણું કહેવાનું બાકી છે. અને ક્યારેક એવી વ્યક્તિ પણ હોય છે, જેની સાથે વર્ષોનો સંબંધ હોવા છતાં બે શબ્દો બોલવા માટે પણ મન થતું નથી.



અહીંથી સમજાય છે કે સંબંધની ઉંમર મોટી હોવી જરૂરી નથી; સંબંધની ઊંડાઈ મોટી હોવી જરૂરી છે.

પ્રેમમાં સૌથી મોટું સૌંદર્ય કદાચ "સમજાઈ જવું" છે.

જ્યારે આપણે કંઈ કહીએ નહીં અને સામેની વ્યક્તિ આપણી આંખોમાંથી વાત વાંચી લે; જ્યારે આપણે "હું ઠીક છું" કહીએ અને તે હળવેથી પૂછે–"ખરેખર?"; જ્યારે દુનિયા આપણામાં ખામી શોધે અને કોઈ એક વ્યક્તિ આપણી અંદરની સચ્ચાઈ જોઈ લે–ત્યારે પ્રેમ શબ્દોથી ઘણો આગળ નીકળી જાય છે.

કેટલાક સંબંધો નામ વગરના હોય છે,
પણ લાગણીથી ભરપૂર હોય છે;
કેટલાક સંબંધો દુનિયાની નજરે સામાન્ય હોય છે,
પણ હૃદય માટે આખી દુનિયા સમાન હોય છે.

પરંતુ એક વાત યાદ રાખવી જરૂરી છે–પ્રેમને રોજ સાબિત કરવાની જરૂર પડે તો કદાચ પ્રેમ કરતાં અપેક્ષાઓ મોટી થઈ ગઈ છે.

પ્રેમમાં હિસાબ ન હોવો જોઈએ.

"મેં તારા માટે આટલું કર્યું, તું મારા માટે શું કર્યું?"–આ વાક્ય જ્યાંથી શરૂ થાય છે, ત્યાંથી પ્રેમ ધીમે ધીમે વ્યવહાર બની જાય છે.

પ્રેમ આપવો હોય તો દિલથી આપવો.
સંભાળવો હોય તો નિ:સ્વાર્થ સંભાળવો.

અને કોઈને પોતાના જીવનમાં સ્થાન આપ્યું હોય તો તેની લાગણીઓનો આદર કરવો.

કારણ કે પ્રેમ કોઈની ઉપર અધિકાર જમાવવાનું નામ નથી; પ્રેમ તો કોઈના હૃદયમાં એવી જગ્યા બનાવવાનું નામ છે, જ્યાં તમારી હાજરી ભાર નહીં પરંતુ શાંતિ બની જાય.

જીવનના અંતે કદાચ આપણે એ યાદ નહીં રાખીએ કે કોણે આપણને કેટલી મોંઘી ભેટ આપી હતી. પરંતુ ચોક્કસ યાદ રહેશે કે કોણે આપણા ખરાબ સમયમાં હાથ પકડીને કહ્યું હતું–

"ચિંતા ન કર, હું છું ને..."

અને કદાચ પ્રેમનું સૌથી સાચું સ્વરૂપ પણ આ જ છે–

કોઈના જીવનમાં એટલા મહત્વના બની જવું કે તમારી હાજરીથી તેને ખુશી મળે, તમારી વાતથી તેને હિંમત મળે અને તમારી યાદથી તેના ચહેરા પર અજાણ્યું સ્મિત આવી જાય.

પ્રેમ મોટાં શબ્દોમાં નહીં,
નાની નાની કાળજીમાં જીવતો હોય છે.
અને જેને આ નાની નાની કાળજીની ભાષા સમજાઈ જાય છે,
તેને પ્રેમની વ્યાખ્યા ક્યારેય પૂછવી પડતી નથી.

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# ચૂંટણી પંચનો માસ્ટરસ્ટ્રોક: SIR હેઠળ 20 રાજ્યોમાં વોટર લિસ્ટમાંથી ગાયબ થયેલા નામો ફરી જોડવા માટે શરૂ થશે ઘાતક 'સ્પેશિયલ ડ્રાઇવ'

દેશની લોકશાહી વ્યવસ્થાને વધુ મજબૂત અને પારદર્શક બનાવવા માટે ચૂંટણી પંચ (Election Commission) દ્વારા એક અત્યંત મોટો અને ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. દેશના અલગ-અલગ ૨૦ રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કે અન્ય પ્રક્રિયાઓ દરમિયાન જે નાગરિકોના નામ મતદાર યાદીમાંથી (Water List) કપા<bos»4 ગયા હતા અથવા અચાનક ગાયબ થઈ ગયા હતા, તેવા લાખો નાગરિકોને ફરીથી લોકશાહીના મહાપર્વમાં જોડવા માટે ચૂંટણી પંચ દ્વારા વિશેષ ડ્રાઈવ (Special Drive) ચલાવવાની ઘોષણા કરવામાં આવી છે. આ નિર્ણયથી લાખો મતદારોમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

૨૦ રાજ્યોમાં વોટર લિસ્ટ શુદ્ધિકરણ અને નામો જોડવાની કવાયત

ચૂંટણી પંચના આ નવા આદેશ મુજબ, દેશના ૨૦ જેટલા રાજ્યોમાં તાજેતરના સમયમાં




મતદાર યાદીની ચકાસણી વખતે સર્જાયેલી વિસંગતતાઓ કે ટેકનિકલ કારણોસર અનેક મતદારોના નામ કમી થઈ ગયા હોવાની ફરિયાદો સામે આવી હતી. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને પંચે હવે ઝીણવટભરી તપાસ અને સુધારણા માટે કમર કસી છે. જે લોકોના નામ અન્યાય કે વેરિફિકેશનના અભાવે યાદીમાંથી કપાઈ ગયા હતા, તેમને કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના ફરીથી વોટર લિસ્ટમાં સ્થાન આપવા માટે વિશેષ કેમ્પ અને ડોર-ટુ-ડોર ડ્રાઈવ યોજવામાં આવશે.

લોકશાહીના અધિકાર માટે ચૂંટણી પંચની લાલ આંખ કોઈપણ નાગરિક પોતાના મતદાનના પવિત્ર અધિકારથી વંચિત ન રહે તે માટે ચૂંટણી પંચે તમામ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓને કડક સૂચનાઓ આપી દીધી છે.

ઝડપી વેરિફિકેશન: નામ કમી થયેલા નાગરિકો સરળતાથી પોતાના દસ્તાવેજો રજૂ કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવશે.

જાગૃતિ અભિયાન: સ્થાનિક સ્તરે બૂથ લેવલ ઓફિસર (BLO) દ્વારા ઘેર-ઘેર જઈને કે વિશેષ કેમ્પો યોજીને બાકી રહી ગયેલા નામોની નોંધણી સુનિશ્ચિત કરવામાં આવશે. ચૂંટણી પંચના આ આક્રમક અને જનહિતના પગલાથી રાજકીય ગલિયારાઓમાં પણ ભારે ચર્ચા જાગી છે, કારણ કે આ સ્પેશિયલ ડ્રાઈવથી લાખો એવા મતદારોને ન્યાય મળશે જેઓ અજાણતા જ મતદાર યાદીમાંથી બહાર ફેંકાઈ ગયા હતા.



### આમોદના મોટા તળાવના બ્યુટિફિકેશનમાં

# 240 મીટર કામ હજુ બાકી: ત્રીજી વખત ટેન્ડરથી જૂની બિલ ચુકવણી પર સવાલ

## અગાઉ કેટલું કામ પૂર્ણ બતાવાયું અને કેટલી રકમ ચૂકવાઈ તેની વિગતો માંગાઈ; MB, ગુણવત્તા રિપોર્ટ અને સ્થળ તપાસ અંગે પણ સ્પષ્ટતા માગી



ભરૂચ, રંગુની જાકીર

આમોદ નગરપાલિકાના મોટા તળાવના બ્યુટિફિકેશન અને સૌંદર્યીકરણના કામને લઈને ફરી એકવાર સવાલો ઊભા થયા છે. કામની વાસ્તવિક પ્રગતિ, માપણી, ગુણવત્તા તેમજ અગાઉ થયેલી બિલની ચુકવણી અંગે દસ્તાવેજોના આધારે સ્પષ્ટતા કરવાની માંગ ઉઠી છે.

મળતી માહિતી મુજબ, મોટા તળાવની આશરે 240 મીટર કમ્પાઉન્ડ વોલનું કામ હજુ બાકી હોવા છતાં ઓગસ્ટ 2026માં આ કામ માટે ત્રીજી વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હોવાનું ટેન્ડર રેકોર્ડમાં દર્શાવવામાં આવ્યું છે. જેના પગલે અગાઉના તબક્કામાં કેટલું કામ પૂર્ણ દર્શાવવામાં આવ્યું હતું અને તેના આધારે કેટલી રકમના બિલની ચુકવણી કરવામાં આવી હતી તે અંગે પ્રશ્નો ઉભા થયા છે.

જો 240 મીટર જેટલું કામ અગાઉથી બાકી હતું, તો અગાઉના બિલમાં કામની કેટલી પ્રગતિ દર્શાવવામાં આવી હતી તે મહત્વનો પ્રશ્ન બન્યો છે. કામની MB એટલે કે માપણીપોથીમાં સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ શું દર્શાવવામાં આવી હતી અને માપણી કોણે કરી હતી તે અંગે પણ સ્પષ્ટતા જરૂરી બની છે.

આ ઉપરાંત બિલ મંજૂર કરતા પહેલાં સ્થળ પર કામની ચકાસણી કરવામાં આવી હતી કે નહીં, કામની ગુણવત્તા અંગે કોઈ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો કે નહીં તથા કામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે કે નહીં તે અંગે પણ વિગતો સામે આવવાની બાકી છે.

મોટા તળાવની બાકી રહેલી 240 મીટર કમ્પાઉન્ડ વોલ માટે ત્રીજી વખત ટેન્ડર બહાર પડતાં અગાઉની કામગીરી અને નવી ટેન્ડર પ્રક્રિયા વચ્ચેનો તફાવત પણ તપાસનો વિષય બન્યો છે. અગાઉ ચૂકવવામાં આવેલી રકમ અને નવા ટેન્ડરમાં દર્શાવવામાં આવેલા બાકી કામની વિગતોમાં કોઈ તફાવત છે કે નહીં તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

આ સમગ્ર મામલે અગાઉના બિલમાં દર્શાવેલી કામગીરી, ચૂકવાયેલી રકમ, MBની વિગતો, ગુણવત્તા ચકાસણી રિપોર્ટ, Completion Certificate અને સ્થળ તપાસના રેકોર્ડ જાહેર કરવાની માંગ કરવામાં આવી રહી છે.

નગરપાલિકાની સત્તા કોઈપણ પક્ષ પાસે હોય, પરંતુ જાહેર નાણાંમાંથી થયેલી ચુકવણીનો હિસાબ પારદર્શક રીતે દસ્તાવેજો સાથે સામે આવવો જોઈએ. હવે મુખ્ય સવાલ એ છે કે મોટા તળાવનું કામ કેટલું થયું તેની સાથે અગાઉ કેટલું બિલ ચૂકવાયું અને કયા આધાર પર ચૂકવાયું?

જો તપાસમાં કોઈ અનિયમિતતા સામે આવે તો તેની જવાબદારી નક્કી કરવાની પણ માંગ ઉઠી છે.

### ગ્રાહકે દુકાનદાર સામે જ બોરીનો લોટ ચાળ્યો

# અંકલેશ્વરની સુપર માર્કેટમાં મેંદામાંથી ઈયળ નીકળી..!!



બોરભાઠા બ્રિજ પાસેની દુકાનમાં અગાઉ મગની દાળમાંથી પણ ઈયળ મળી હોવાનો આક્ષેપ; ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ

અંકલેશ્વર

અંકલેશ્વરના બોરભાઠા સ્થિત બ્રિજ પાસે આવેલી 'માતાજી સુપર માર્કેટ'માં ખાદ્ય સામગ્રીની ગુણવત્તાને લઈ ફરી વિવાદ સર્જાયો છે. દુકાનમાંથી ખરીદેલી ખાદ્ય સામગ્રીમાં વારંવાર જીવડા અને ઈયળો મળતા હોવાના આક્ષેપથી સ્થાનિક ગ્રાહકોમાં રોષ ફેલાયો છે.

અગાઉ પણ આ જ દુકાનમાંથી ખરીદેલી મગની દાળમાંથી ઈયળ નીકળ્યાની રજૂઆત થઈ હતી. તાજેતરમાં મેંદામાં ઈયળ હોવાની ફરિયાદ લઈને ગ્રાહક દુકાને પહોંચતા શરૂઆતમાં દુકાનદારે કોઈ ખામી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.

આ દરમિયાન ગ્રાહકે દુકાનદારની હાજરીમાં જ મેંદાના લોટની બોરીમાંથી લોટ કાઢીને ચાળવાની ચેલેન્જ આપી હતી. દુકાનદારની નજર સામે લોટ ચાળતા જ તેમાંથી ઈયળ નીકળતાં મામલો ગરમાયો હતો.

લોટમાંથી ઈયળ નીકળ્યા બાદ દુકાનદારે આખરે બાબત સ્વીકારી હોવાનું જણાવાયું છે. સમગ્ર મામલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરવામાં આવી છે, જ્યારે ઘટનાની ગંભીરતાને પગલે સ્થાનિક પોલીસને પણ વાકેફ કરવામાં આવી છે.

### સ્થાનિક ખાણ ખનીજ વિભાગ ઊંઘતું ઝડપાયો

# પાનમ નદીમાંથી ગેરકાયદેસર રેતી ખનન ઝડપાયું : બે હિટાચી સહિત 11 હાઈવા ડમ્પર જપ્ત

દેવગઢ બારીયા, જાબીર શુક્લા

દેવગઢ બારીઆ તાલુકાના ઉચ્ચવાણ ગામેથી પસાર થતી પાનમ નદીના પટમાં ગેરકાયદેસર રેતી ખનન ચાલી રહ્યું હોવાની માહિતીના આધારે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની ટીમે દરોડો પાડી મોટી કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી બે હિટાચી મશીન સહિત 11 હાઈવા ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું.







પ્રાથમિક માહિતી મુજબ, પાનમ નદીના પટમાંથી મોટા પાયે રેતીનું ખનન કરવામાં આવી રહ્યું હતું. સ્પેશિયલ ટાસ્ક ફોર્સની અચાનક રેડથી રેતી ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. કાર્યવાહીમાં મોટી કિંમતનો મુદ્દામાલ ઝડપાયો હોવાની માહિતી સામે આવી કાર્યવાહી દરમિયાન ઝડપાયેલા બે હિટાચી મશીન ગ્રામ પંચાયતને સોંપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું જ્યારે 11 હાઈવા ડમ્પરને પીપલોદ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

આ સમગ્ર મામલે સ્થાનિક તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. નદીના પટમાં લાંબા સમયથી મોટા પાયે રેતી ખનન ચાલી રહ્યું હોવા છતાં સ્થાનિક તંત્રને તેની જાણ નહોતી કે પછી કાર્યવાહી કેમ કરવામાં આવી નહોતી, તે મુદ્દે ચર્ચા શરૂ થઈ.

દરમિયાન રેડ દરમિયાન કાર્યવાહી કરનાર અધિકારીઓ મીડિયા સાથે વાતચીતથી દૂર રહેતા જોવા મળ્યા હતા. જોકે, ગેરકાયદેસર રેતી ખનન મામલે સત્તાવાર રીતે કેટલો મુદ્દામાલ જપ્ત થયો અને કોની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે તેની વિગતો તંત્ર તરફથી જાહેર થવાની બાકી.

# હરમડીયા-એભલવડ રોડ પર ગૌવંશનું માથું ધડથી અલગ હાલતમાં મળી આવતા ચકચાર

ઉના, કૈલેશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના હારમડીયા ગામથી એભલવડ તરફ જતા માર્ગ પર ગૌવંશનું માથું ધડથી અલગ હાલતમાં મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી હતી મળતી માહિતી મુજબ, માર્ગ પરથી પસાર થઈ રહેલા એક રાહદારીએ ગૌવંશના અવશેષો જોતા આ અંગે ગૌરક્ષકોને જાણ કરી હતી. ત્યારબાદ ઘટનાની જાણ સંબંધિત તંત્રને કરવામાં આવી હતી અને 102 સેવા મારફતે મૃત ગૌવંશને ખસેડવાની કામગીરી હાથ ધરાઈ હતી ઘટનાને લઈને



ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. ફરિયાદના આધારે પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે અને ગૌવંશનું માથું ધડથી અલગ કઈ રીતે થયું તે સહિતના મુદ્દે વધુ તજવીજ હાથ ધરી છે.

# ભરૂચમાં 40થી વધુ સ્વચ્છતા કર્મચારીઓની પગાર વધારાની માંગ

## ક્લસ્ટર કો-ઓર્ડિનેટરનો પગાર રૂ.40 હજાર કરવા રજૂઆત : હાલ રૂ.16,400 પગાર સામે વધારો માંગ્યો

ભરૂચ

ભરૂચ જિલ્લાના સ્વચ્છ ભારત મિશન અને નિર્મળ ગુજરાતના 40થી વધુ કર્મચારીઓએ વેતનવધારા સહિતની માગણીઓને સમર્થન આપ્યું છે. કર્મચારી સંગઠન દ્વારા જૂના સચિવાલય ખાતે ગ્રામ વિકાસ કમિશનરની કચેરીમાં આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. તાલુકા વિકાસ અધિકારીઓને પણ લેખિત આવેદનપત્ર અપાયું છે.



બંને યોજનાઓ હેઠળ તાલુકા પંચાયતોના તાબા હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાં વ્યક્તિગત તથા સામૂહિક શૌચાલય, ઘન-પ્રવાહી કચરા વ્યવસ્થાપન સહિતની સ્વચ્છતાલક્ષી કામગીરી કર્મચારીઓ છેલ્લા આઠ વર્ષથી કરી રહ્યા છે. મોંઘવારીને ધ્યાનમાં રાખી કેડર મુજબ પગાર વધારવાની માગ કરવામાં આવી છે.

હાલમાં ક્લસ્ટર કો-ઓર્ડિનેટરને રૂ.16,400 પગાર મળે છે, જેને વધારી રૂ.40 હજાર કરવાની માગ છે. કરાર આધારિત અને આઉટસોર્સિંગ કર્મચારીઓના પગારધોરણ એકસમાન કરવા તેમજ વાર્ષિક ઈજાફો સમયસર આપવા પણ રજૂઆત કરાઈ છે. 10 વર્ષથી વધુ સમયથી કામગીરી કરતા કર્મચારીઓ માટે વયમર્યાદા સુધી ફરજમુક્ત ન કરવા જોબ સિક્યોરિટી નક્કી કરવાની માગ સાથે કર્મચારીઓએ યોગ્ય સમયમાં ઉકેલ નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે રાજ્યવ્યાપી ધરણાં-પ્રદર્શન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

### જેતપુર સિવિલ હોસ્પિટલના

# ઓક્સિજન પ્લાન્ટમાં ચોરીનો ભેદ ઉકેલાયો: લોકલ ક્રાઇમ બ્રાન્ચે 3 આરોપીઓને ઝડપી પાડ્યા

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી સિવિલ હોસ્પિટલ (સરકારી દવાખાનું) ના ઓક્સિજન પ્લાન્ટમાંથી પિત્તળના વાલ્વ તથા કોપર પાઈપની ચોરીનો વણશોધાયેલ ગુનાનો ભેદ રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) ઉકેલી નાખ્યો છે. પોલીસ દ્વારા આ ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મિલકત સંબંધી અનડીટેક્ટ ગુનાઓ શોધવા માટે અપાયેલી સૂચના





અન્વયે એલ.સી.બી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી.રાવ ની રાહબરી હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. ના પોલીસ હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ વરૂ, મનદીપસિંહ જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારાને મળેલી ખાનગી અને સચોટ હકીકતના આધારે આ ચોરીનો ગુનો શોધી કાઢવામાં આવ્યો છે. આ ચોરીની મૂળ ઘટના ગત તારીખ ૧૫.૦૯ થી ૧૭.૦૯ દરમિયાન બની હતી, જ્યાં કોઈ અજાણ્યા ચોર ઈસમોએ સિવિલ હોસ્પિટલના ઓક્સિજન પ્લાન્ટમાં લગાવેલ રૂ. ૫૦,૦૦૦ ની કિંમતના ૧૦ નંગ પિત્તળના વાલ્વ તથા કોપરની નળીઓની ચોરી કરી હતી. જે અંગે હોસ્પિટલ તંત્ર દ્વારા જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આ ગુનામાં સામેલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં (૧) કાળુભાઈ ઉર્ફે કાળીયો સ/ઓ જોરૂભાઈ સોલંકી (ઉં.વ. ૩૬, રહે. ઉના, દૂધેશ્વરપરા, નદીના સામાકાંઠે, જી. ગીર સોમનાથ), (૨) રોનકભાઈ ઉર્ફે રોનક સ/ઓ જીવરાજભાઈ ડાભી (ઉં.વ. ૨૩, રહે. વિસાવદર, હનુમાનપરા, જી. જુનાગઢ, હાલ રહે. નવાગઢ બળદેવધાર, તા. જેતપુર, જી. રાજકોટ) અને (૩) પ્રભાબેન વા/ઓ સુરેશભાઈ જીણાભાઈ સોલંકી (ઉં.વ. ૩૭, રહે. ઉના, દૂધેશ્વરપરા, નદીના સામાકાંઠે, જી. ગીર સોમનાથ) નો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓ પૈકી કાળુભાઈ ઉર્ફે કાળીયો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેની સામે અગાઉ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં પ્રોહીબિશન, આઈ.પી.સી. તેમજ જી.પી. એક્ટ હેઠળ ચાર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, જ્યારે અન્ય બે આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ નીલ છે.

# બોડેલી પોલીસે કિયા સોનેટ કારમાંથી 10.68 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો : ફિલ્મી ઢબે પીછો કરી આરોપીને દબોચ્યો!!

બોડેલી

છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક આઈ. જી. શેખ તથા બોડેલી ડિવિઝનના મદદનીશ પોલીસ અધિક્ષક હર્ષ શર્મા દ્વારા જિલ્લામાં પ્રોહિબિશન અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે નાબૂદ કરવા તેમજ કાયદો-વ્યવસ્થા જાળવવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચના અન્વયે બોડેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી. એસ. બરંડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના

પેટ્રોલિંગ દરમિયાન પી.આઈ. પી. એસ. બરંડાને બાતમી મળી હતી કે, એક કાળા કલરની કિયા સોનેટ કાર (નંબર: MP-09-ZT-9769) માં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને છોટાઉદેપુર તરફથી બોડેલી થઈ વડોદરા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે સર્વેલન્સ સ્ટાફે તાત્કાલિક મેરીયા પુલ પાસે નાકાબંધી ગોઠવી વોચ રાખી હતી. બાતમી મુજબની કાર આવતી





જણાતાં પોલીસે આડાસ કરી ઊભી રાખવા ઈશારો કર્યો હતો. જોકે, કારચાલકે ગાડી થોડે દૂર ઊભી રાખી દીધી હતી અને ચાલુ ગાડીએ ઉતરીને અંધારામાં ખેતરો તરફ ભાગવા લાગ્યો હતો.

સર્વેલન્સ ટીમે તાત્કાલિક ફિલ્મી ઢબે પીછો કરી આરોપીને ખેતરમાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસે કિયા સોનેટ ગાડીની તલાશી લેતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને કાર સહિત કુલ રૂ. ૧૦,૬૮,૦૧૧/- નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અરવિંદભાઈ ઉર્ફે નાનકા ગણપતભાઈ તોમર (ઉંમર: ૨૦ વર્ષ, રહેવાસી: બડી સરદી, પટેલ ફળિયું, તા. કઠ્ઠીવાડા, જિ. અલીરાજપુર, મધ્યપ્રદેશ) કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ : GOA SP IRI T OF SMOOTHNESS Whisk y ( 180 ML)૧,૧૭૩ બોટલરૂ. ૨, ૪૨,૮૧૧/-, ૨MOUNTS 6000 SU PER STRONG BEER (500 ML)૧૨૦ ટીનરૂ. ૨૫,૨૦૦/- ૩કાળા કલરની કિયા સોનેટ ગાડી (રજી. નં. MP-09-ZT-9769)૧ ગાડીરૂ. ૮,૦૦,૦૦૦/- કુલવિદેશી દારૂ/બિયર (કુલ ૧,૨૯૩ બોટલ/ટીન) + વાહન- બોડેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી. એસ. બરંડા, સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ કે. એમ. રાઠોડ તથા બોડેલી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ દ્વારા આ પ્રશંસનીય અને સફળ કામગીરી કરવામાં આવી હતી.

# ગાંધી જયંતિએ GNFC ગ્રાઉન્ડ પર યોગ-ધ્યાન શિબિરમાં ઉમટ્યા યોગપ્રેમીઓ

ભરૂચ

ગાંધી જયંતિના અવસરે નર્મદાનગર સ્થિત GNFC ગ્રાઉન્ડ ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોગ અને ધ્યાન શિબિર યોજાઈ હતી. વહેલી સવારે 6થી 8 વાગ્યા દરમિયાન યોજાયેલી શિબિરમાં મોટી સંખ્યામાં યોગપ્રેમીઓ જોડાયા હતા. શિબિરમાં ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, રાજકીય આગેવાનો અને વહીવટી તંત્રના અધિકારીઓ સહિત ઉપસ્થિત સૌએ વિવિધ યોગાસનો તથા ધ્યાનની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ પરેશ લાડ અને પૂર્વ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદીએ પણ યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે નિયમિત યોગ અને ધ્યાનને દૈનિક જીવનનો હિસ્સો બનાવી શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. નાગરિકોમાં યોગ, ધ્યાન અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ લાવવાનો કાર્યક્રમનો મુખ્ય હેતુ રહ્યો હતો. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે ભરૂચમાં પણ આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# સાધલીની ગ્રામસભામાં 7 હજારની વસ્તી સામે માત્ર 23 હાજર : અધિકારીઓ સહિત 10 સભ્યો ગેરહાજર!!

સાધલી, હસમુખ પટેલ

નિવાસી અધિક કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી વડોદરાની સંયુક્ત સહીથી ગાંધી જયંતી નિમિત્તે દરેક ગામોમાં ગ્રામ સભા ભરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તે સંદર્ભે આજરોજ તારીખ 2 ઓક્ટોબર 2026 સાધલી મુકામે 10:00 કલાકે ગ્રામસભા નું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ અધિકારીઓ અને ગ્રામજનો આવ્યા ના હોવાથી કોરમ થયું નહોતું , જેથી કોરમ વગર 10: 30 કલાકે ચાલુ કરવામાં આવી હતી.

ગ્રામ સભામાં માત્ર 1 ઈન્ચાર્જ સરપંચ સંકેત પટેલ, 1 સદસ્ય, 2 તલાટી અને 2 ક્લાર્ક, 2 આરોગ્ય વર્કર , 2 આશા વર્કર, 5 આંગણવાડી વર્કરો અને 8 ગ્રામજનો આમ કુલ 23 જણા હાજર હતા. જિલ્લા કક્ષાના તથા તાલુકા કક્ષાના અધિકારી આવ્યા નહોતા. જેથી નાયબ જિલ્લા વિકાસ અધિકારી નું મોનિટરિંગ અને નિયુક્ત નોડલ અધિકારીની કામગીરી નિષ્ફળ રહી હતી.

ગ્રામ સભાના એજન્ડામાં પરિશિષ્ટ 1 અને પરિશિષ્ટ 2 ના તમામ મુદ્દા ની ચર્ચા કરવાની હોય છે. જે કરવામાં આવી નહોતી. ગ્રામ સભામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કુલ 7 વિવિધ પ્રતિજ્ઞાઓ લેવાની હતી, પરંતુ તલાટી દ્વારા માત્ર સામૂહિક નશાબંધીની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. અને દસ મિનિટમાં ગ્રામસભા પૂરી જાહેર કરવામાં આવી હતી.

સરકાર દ્વારા માત્ર 4 માસમાં 4 ગ્રામ સભાઓ નું સીધું આયોજન કરેલ હોવાથી ગ્રામજનોને કોઈ રસ નથી, અને ગ્રામ સભામાં જે ઠરાવો થાય છે તેનો કોઈ અમલ થતો નથી અને માત્ર વિવાદો ઊભા થાય છે, જેના કારણે લોકોને આવી ગ્રામસભાઓમાં કોઈ રસ રહેતો નથી.





### ડોક્ટર્સની સલાહ મુજબ યોગ્ય રિકવરી ન થાય ત્યાં સુધી તે ભારત પરત ફરી શકે તેમ નથી

# બાલીમાં અકસ્માતનો ભોગ બની જાણીતી બોલીવૂડ એક્ટ્રેસ, હોસ્પિટલમાં સારવાર હેઠળ

મુંબઈ

બોલીવૂડની જાણીતી એક્ટ્રેસ નુસરત ભરૂચા સાથે વિદેશ પ્રવાસ દરમિયાન એક અકસ્માત સર્જાયો હોવાના ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે. નુસરત એક પ્રોજેક્ટના કામના સિલસિલામાં ઈન્ડોનેશિયાના બાલી ગઈ હતી, જ્યાં તેને અકસ્માત થતા શારીરિક ઈજાઓ પહોંચી હતી. ઈજા બાદ એક્ટ્રેસને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. સામે આવી રહેલાં પ્રાથમિક અહેવાલો અનુસાર, હોસ્પિટલમાં ડોક્ટરોની દેખરેખ હેઠળ સારવાર ચાલુ હોવાના કારણે નુસરતે બાલીમાં પોતાનો રોકાણનો સમયગાળો લંબાવવો પડ્યો છે. જોકે, તેને થયેલી ઈજા કેટલી ગંભીર છે તે અંગે સત્તાવાર મેડિકલ બુલેટિન હજુ સુધી સામે આવ્યું નથી. નુસરત ભરૂચા એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટના શૂટિંગ અને કામ અર્થે બાલી પહોંચી હતી. અકસ્માત પહેલાં તેણે સોશિયલ મીડિયા પર બાલી વેકેશન અને ટૂરની કેટલીક સુંદર તસવીરો પણ ચાહકો સાથે શેર કરી હતી. ઘટના બનતાં જ ટીમના સભ્યો દ્વારા તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ડોક્ટર્સની સલાહ મુજબ યોગ્ય રિકવરી ન થાય ત્યાં સુધી તે ભારત પરત ફરી શકે તેમ નથી. પહેલી વખત નથી કે કામના સિલસિલામાં બહાર ગયેલી નુસરત ભરુચાને અકસ્માત થયો હોય. આ પહેલાં એપ્રિલ, 2023માં ફિલ્મ 'અકેલી'ના શૂટિંગ દરમિયાન એક રનિંગ સીનમાં નુસરત માર્બલના ફ્લોર પર માથાભેર પટકાઈ હતી, જેના કારણે તે અસહ્ય દર્દથી રડવા લાગી હતી અને ડોક્ટરોએ તેને કડક બેડ રેસ્ટની સલાહ આપી હતી. જાન્યુઆરી, 2023માં હોરર ફિલ્મ 'છોરી 2' ના એક્શન સીન વખતે તેના ચહેરા અને ભ્રમર પાસે ઊંડો ઘા વાગ્યો હતો, જેના કારણે ટાંકા લેવા પડ્યા હતા. અહીંયા તમારી જાણકારી માટે કે ઓગસ્ટ, 2021માં સતત શૂટિંગ અને તણાવ-થાકના કારણે તેને ગંભીર ચક્કર આવ્યા હતા અને બ્લડ પ્રેશર 65/55 થઈ જતાં તાત્કાલિક હોસ્પિટલમાં એડમિટ કરવી પડી હતી. વાત કરીએ નુસરત ભરૂચાના વર્ક ફ્રન્ટની તો નુસરત ટૂંક સમયમાં બોલીવૂડ એક્શન સ્ટાર ટાઈગર શ્રોફ સાથે રેમો ડિસોઝા દિગ્દર્શિત અનટાઈટલ્ડ એક્શન ફિલ્મમાં જોવા મળશે. આ પ્રોજેક્ટમાં તેની સાથે પશ્મિના રોશન, અભિષેક બેનર્જી અને એલ્વિશ યાદવ પણ મહત્વના રોલમાં સ્ક્રીન શેર કરવાના છે.

**નુસરત ટૂંક સમયમાં બોલીવૂડ એક્શન સ્ટાર ટાઇગર શ્રોફ સાથે રેમો ડિસોઝા દિગ્દર્શિત અનટાઇટલ્ડ એક્શન ફિલ્મમાં જોવા મળશે.**

# સલમાન ખાનની સિક્યોરિટીમાં ફરી મોટી ચૂક

## અજાણ્યો વ્યક્તિ એકદમ નજીક પહોંચી ગયો, સુરક્ષાકર્મીએ બાવડું પકડીને પાછળ ખેંચ્યો; લોરેન્સ ગેંગે ધમકી આપી હતી

મુંબઈ

ફિલ્મ 'પ્રેમ કીટાણુ'નું સ્ક્રીનિંગ ગુરુવારે મુંબઈમાં યોજાયું. સ્ક્રીનિંગમાં સલમાન ખાન પહોંચ્યો હતો અને તે ફિલ્મના લીડ એક્ટર વીર પહાડિયા સાથે જોવા મળ્યો. આ ઉપરાંત, ઈવેન્ટમાં જેકલીન ફર્નાન્ડિઝ, કરણ જોહર, સારા તેંડુલકર, ઝરીન ખાન અને એલ્વિશ યાદવ પણ પહોંચ્યા હતા. 'પ્રેમ કીટાણુ' એક હિન્દી રોમેન્ટિક-કૉમેડી ફિલ્મ છે, જેમાં વીર પહાડિયા, આફિયા સૈયદ અને અપારશક્તિ ખુરાના મુખ્ય ભૂમિકામાં છે.

ફિલ્મનો રનટાઈમ લગભગ 2 કલાક અને 18 મિનિટ છે. ફિલ્મની વાર્તા રોમાન્સ અને કૉમેડીની આસપાસ વણાયેલી છે. સ્ક્રીનિંગ દરમિયાન સલમાન સાથે જોડાયેલો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં ઈવેન્ટમાંથી બહાર નીકળતી વખતે એક ચાહક અચાનક એક્ટરની ખૂબ નજીક પહોંચી ગયો. તેણે સલમાનને ગળે મળવાનો પ્રયાસ કર્યો. ચાહકને અચાનક પોતાની નજીક આવતો જોઈ સલમાન થોડા સમય માટે અસહજ નજરે પડ્યો. ત્યારબાદ તેના સુરક્ષા ગાર્ડે તરત જ વચ્ચે આવીને



પ્રશંસકને સલમાનથી દૂર કર્યો. ઉલ્લેખનીય છે કે સલમાનની સુરક્ષા હંમેશાં એલર્ટ મોડમાં રહે છે. લૉરેન્સ ગૅંગ તરફથી મળેલી ધમકીઓ અને તેના ઘરની બહાર થયેલી ગોળીબારની ઘટના બાદ તેની સુરક્ષા વધારવામાં આવી હતી. સલમાન ખાનને વાઈ-પ્લસ કેટેગરીની સરકારી સુરક્ષા મળી છે. આ સુરક્ષા ઘેરામાં લગભગ 11થી 12 પોલીસકર્મીઓ તૈનાત રહે છે. તેમાં વિશેષ રીતે પ્રશિક્ષિત કમાન્ડો પણ સામેલ હોય છે. સલમાનની મુસાફરી દરમિયાન પોલીસની ગાડીઓ તેની કારને એસ્કોર્ટ કરે છે. આ ઉપરાંત, એક્ટરની ખાનગી સુરક્ષા ટીમ પણ તેની સાથે રહે છે. તેનો લાંબા સમયથી બોડીગાર્ડ શેરા પણ પોતાની ખાનગી સુરક્ષા ટીમ સાથે સલમાનની સુરક્ષાની જવાબદારી સંભાળે છે. જાહેર કાર્યક્રમો, શૂટિંગ અને એરપોર્ટ પર સલમાનની આસપાસ ખાનગી ગાર્ડ્સ અને બાઉન્સર્સનું સુરક્ષા ઘેરો પણ રહે છે. 'પ્રેમ કીટાણુ'ની સ્ક્રીનિંગ દરમિયાન સલમાન ખાનનો અન્ય એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. સ્ક્રીનિંગમાં સલમાન જ્યારે પહોંચ્યો, ત્યારે મીડિયા અને પાપારાઝીએ તેને રેડ કાર્પેટ પર આવીને તસવીરો પડાવવા માટે કહ્યું.

# મનીષા રાનીએ બીચ પર લગાવી આગ: બોલ્ડ લૂકે ચાહકોને કર્યાં ઘાયલ

## ડાન્સ રિયાલિટી શૉ મનીષા રાની પોર્ટુગલમાં પોતાનું વેકેશન એન્જોય કરી રહી છે

મુંબઈ

ડાન્સ રિયાલિટી શૉ મનીષા રાની પોર્ટુગલમાં પોતાનું વેકેશન એન્જોય કરી રહી છે. આ વેકેશનની એકથી એક ચડિયાતી તસવીર એક્ટ્રેસે પોતાના સોશિયલ મીડિયા પર શૅર કરી દીધી છે. આ તસવીરમાં તેનો ગ્લેમરસ સાથે બોલ્ડ અંદાજ જોવા મળ્યો છે. જેને જોઈને ફેન્સ ફિદા થઈ ગયા હતા. કમેન્ટ બોક્સમાં ફાયર અને દિલવાળુ ઈમોજી પોસ્ટ કરવા લાગ્યા હતા. આ તસવીરમાં તે સ્ટાઈલિશ આઉટફીટમાં બીચ પર એન્જોય કરી રહી છે. એક્ટ્રેસે રેડ કલરનું બિકિની બોટમ પહેર્યું છે આ સાથે સફેદ રંગનું વ્હાઈટ ક્રોપટોપ અને રેડશર્ટની સ્ટાઈલ કરી હતી. અન્ય એક તસવીરમાં બ્લુ ડ્રેસમાં અને રેડ કોર્ટસેટમાં જોવા મળી હતી. આ તસવીરમાં પણ તે ગ્લેમરસ અને બોલ્ડ દેખાઈ રહી છે. આકરા તડકા વચ્ચે તેણે એકથી એક બેસ્ટ પોઝ આપીને મસ્ત ફોટોશુટ કરાવ્યું હતું. બીચ પર જઈને કેટલું એન્જોય કર્યું એ વાત તેના ફોટો પરથી કહી શકાય છે. સવારે અને સાંજે એક્ટ્રેસે ખુલ્લા પગે બીચની સફર માણી હતી.

એક્ટ્રેસે પોતાના ફોટો પર કેપ્શનમાં લખ્યું હતું કે, 'માશુકા ઓન બીચ' ફેન્સ પણ તેના ફોટો જોઈને ચોંકી ગયા હતા. એના વખાણ કરતા થાકતા નહોતા. એકથી એક ચડિયાતી કોમેન્ટ એના કોમેન્ટ બોક્સમાં આવી હતી. એક ફેન્સે એવું લખ્યું હતું કે, 'ક્યૂનેસ ક્વિન' અન્ય ફેન્સે લખ્યું કે, 'બીચ પર આગ લગા દી' યુવિકા ચૌધરીએ આના એક વીડિયો પર ફાયરવાળું ઈમોજી પોસ્ટ કર્યું છે. મનીષા હાલમાં ભોજપુરી પ્રોજેક્ટમાં વ્યસ્ત છે. તે 'ભોજપુરી બબાલ'માં જોવા મળી હતી. આ સિવાય તે ટીવી સિરિયલ 'મા હૈ ના'માં પણ જોવા મળી રહી છે. તે એક્ટ્રેસ હોવાની સાથે એક સોશિયલ મીડિયા પર્સનાલિટી પણ છે. સ્ક્રિન સિવાય પણ છે બિઝનેસ મનીષા રાણીએ Bigg Boss OTT 2થી ખાસ લોકપ્રિયતા મેળવી હતી ત્યાર બાદ તેમણે ડાન્સ રિયાલિટી શોમાં પણ ભાગ લીધો અને વિજેતા સાબિત થઈ હતી. ટેલિવિઝન તથા સોશિયલ મીડિયા પર પોતાની અલગ ઓળખ બનાવી છે. પોતાના Instagram પર બીચની અનેક તસવીરો શેર કરી છે.





# અભિનેતા ડીનો મોરિયાની ધરપકડના અહેવાલથી બોલીવૂડમાં ખળભળાટ

## પોલીસ દ્વારા નિયમ મુજબ એક્ટરનું મેડિકલ ચેકઅપ કરાવ્યા બાદ આગળની કાનૂની પ્રક્રિયા હાથ ધરાશે

મુંબઈ

બોલીવૂડ એક્ટર ડીનો મોરિયા (Dino Morea)ની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો હોવાની માહિતી સામે આવી રહી છે. મિઠી નદીના કથિત ગેરવ્યવહાર પ્રકરણની તપાસના સંદર્ભમાં મુંબઈ પોલીસે સતત આઠ કલાક સુધી ચાલેલી મેરેથોન પૂછપરછ બાદ એક્ટર સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાની માહિતી સૂત્રો દ્વારા સામે આવી રહી છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ આકરી કાર્યવાહીને પગલે બોલીવૂડ અને મનોરંજન જગતમાં ભારે સનસનાટી મચી ગઈ છે. તપાસ એજન્સીઓ આ મામલે અન્ય કડીઓ જોડવા અને વધુ પુરાવા એકત્ર કરવા માટે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. જોકે, આ બાબતે ડીનો મોરિયાની ધરપકડ થઈ હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે, પરંતુ આ અંગે કોઈ સત્તાવાર માહિતી ઉપલબ્ધ થઈ શકી નહોતી. પોલીસ મથકે હાજર થયા બાદ તપાસ અધિકારીઓએ ડીનો મોરિયા સામે કેસ સંબંધિત દસ્તાવેજો અને નાણાંકીય વ્યવહારોને લઈને સવાલોની લાંબી યાદી મૂકી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, લાંબી પૂછપરછ દરમિયાન કેટલાક મહત્વના પ્રશ્નો પર યોગ્ય અને સંતોષકારક સ્પષ્ટતા ન મળતાં પોલીસે કાયદાકીય જોગવાઈઓ હેઠળ આગળની કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો.

આ મામલો આર્થિક ગેરરીતિ, નાણાંકીય લેવડદેવડ અથવા અગાઉ ચર્ચામાં આવેલા વિવાદાસ્પદ કનેક્શન સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવી રહ્યું છે. અગાઉ પણ તપાસ એજન્સીઓએ કેટલાક મોટા કેસોમાં પૂછપરછ માટે બોલીવૂડ હસ્તીઓને સમન્સ પાઠવ્યા હતા, જેમાં ડીનો મોરિયાનું નામ પણ સામેલ હતું. પોલીસ દ્વારા નિયમ મુજબ એક્ટરનું મેડિકલ ચેકઅપ કરાવ્યા બાદ આગળની કાનૂની પ્રક્રિયા હાથ ધરાશે. તપાસ એજન્સીઓ આ કેસમાં અન્ય કોઈ મોટી હસ્તીઓની સંડોવણી છે કે કેમ તે અંગે પણ ઝીણવટભરી તપાસ કરી રહી છે.

# અજય દેવગનની 'દૃશ્યમ 3' નવો રેકોર્ડ બનાવશે? રિતિક રોશનની 'વૉર'નો રેકોર્ડ જોખમમાં

મુંબઈ

બોલીવુડ સુપરસ્ટાર અજય દેવગનની બહુચર્ચિત ફિલ્મ 'દશ્યમ 3: ધ કન્ક્લૂઝન' 2 ઓક્ટોબર, ગાંધી જયંતીના દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મની રિલીઝ પહેલાં જ તેની એડવાન્સ બુકિંગે બોક્સ ઓફિસ પર ભારે ચર્ચા જગાવી છે. ખાસ વાત એ છે કે ફિલ્મ પાસે 2 ઓક્ટોબરે રિલીઝ થયેલી ફિલ્મોમાં સૌથી મોટી ઓપનિંગનો રેકોર્ડ પોતાના નામે કરવાની તક છે. હાલ આ રેકોર્ડ રિતિક રોશન અને ટાઈગર શ્રોફની 2019માં આવેલી ફિલ્મ 'વૉર'ના નામે છે.

'વૉર'નો રેકોર્ડ શું છે?

ઋતિક રોશન અને ટાઈગર શ્રોફની 'વૉર' બીજી ઓક્ટોબર 2019ના રિલીઝ થઈ હતી. ફિલ્મે પોતાના પહેલા જ દિવસે ભારતીય બોક્સ ઓફિસ પર 53.35 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ સાથે 'વૉર' 2 ઓક્ટોબરે રિલીઝ થયેલી ફિલ્મોમાં સૌથી મોટી ઓપનિંગ મેળવનારી ફિલ્મ બની હતી. ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન આશરે 471 કરોડ રૂપિયા રહ્યું હતું. હવે સાત વર્ષ બાદ અજય દેવગનની 'દશ્યમ 3' આ રેકોર્ડની નજીક પહોંચી રહી છે. એડવાન્સ બુકિંગમાં કમાણી 'દશ્યમ 3'ની એડવાન્સ બુકિંગને જોતા ફિલ્મની શરૂઆત મજબૂત રહેવાની શક્યતા છે. એક અહેવાલ મુજબ, આ ફિલ્મે બ્લોક સીટ્સ વગર 28.80 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન નોંધાયું હતું. આ સાથે જ બ્લોક સીટ સહિત 36.25 કરોડ રૂપિયાના ગ્રોસ કલેક્શન સુધી પહોંચી છે. રિપોર્ટ્સ અનુસાર 'દશ્યમ 3' ભારતમાં પહેલા દિવસે 40 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરી શકે છે. કેટલાક અંદાજો ફિલ્મની ઓપનિંગને 50થી 60 કરોડ રૂપિયા ની રેન્જમાં પણ મૂકે છે.



### ફાઇનલમાં ચીનને 1-0 થી હરાવ્યું, ઓલિમ્પિક 2028 માટે ડાયરેક્ટ ક્વોલિફાય, ભારતને 6 ગોલ્ડ મળ્યા

# ભારતીય વુમન્સ હોકીએ એશિયાડમાં 44 વર્ષ પછી ગોલ્ડ જીત્યો

મુંબઈ

ભારતીય વુમન્સ હોકી ટીમે એશિયન ગેમ્સમાં 44 વર્ષ પછી ગોલ્ડ જીતી લીધો. ટીમે ફાઈનલમાં ચીનને 1-0 થી હરાવ્યું. ભારત માટે એકમાત્ર ગોલ લાલરેમસિયામીએ કર્યો. આ પહેલાં ભારતે 1982માં સાઉથ કોરિયાને હરાવીને ગોલ્ડ જીત્યો હતો.

આઝની જીત સાથે જ ભારતીય વુમન્સ હોકી ટીમ લોસ એન્જિલસ 2028 ઓલિમ્પિક માટે ડાયરેક્ટ ક્વોલિફાય થઈ ગઈ છે. ભારતને એશિયન ગેમ્સના 13મા દિવસે 6 ગોલ્ડ મળ્યા. બોક્સર અંકુશ પંઘાલે મેન્સ 80 કિગ્રા વેઈટ કેટેગરીમાં ગોલ્ડ જીત્યો, જ્યારે આના બરાબર પહેલાં સુજીત કલકલે




રેસલિંગના મેન્સ 65 કિગ્રા ફ્રીસ્ટાઈલમાં ગોલ્ડ પોતાના નામે કર્યો. શુક્રવારે બોક્સર પરવીન હુડાએ વુમન્સ 65 કિગ્રા અને લવલીના બોરગોહેને વુમન્સ 75 કિગ્રા વેઈટ કેટેગરીમાં ગોલ્ડ જીત્યો. આ સાથે પહેલીવાર 3 ભારતીય બોક્સરો એક જ એશિયન ગેમ્સમાં ચેમ્પિયન બન્યા. સવારે ભારતીય મહિલા તીરંદાજી ટીમે રિકર્વ ઈવેન્ટમાં ગોલ્ડ જીત્યો હતો. વુમન્સ હોકીના ગોલ્ડ સાથે ભારતના કુલ 16 ગોલ્ડ થઈ ગયા છે અને તે મેડલ ટેલીમાં પાંચમા નંબર પર છે. ફાઈનલમાં ભારત હાફ ટાઈમ સુધી 1-0 થી આગળ હતું. બીજા ક્વાર્ટરમાં ચીનને પેનલ્ટી સ્ટ્રોક પણ મળ્યો, પરંતુ ગોલકીપર સવિતા પૂનિયાએ જોરદાર બચાવ કરીને સ્કોર બરાબર થવા દીધો નહીં. આ જીત સાથે ભારતે લોસ એન્જિલસ 2028 ઓલિમ્પિક માટે ક્વોલિફાય પણ કરી લીધું.

અંકુશ પંઘાલે મેન્સ 80 કિગ્રા કેટેગરીના ફાઈનલમાં સાઉથ કોરિયાના કિમ મિન-સિયોંગને 4-0 થી હરાવીને ગોલ્ડ જીત્યો. તે 2018 પછી એશિયન ગેમ્સમાં બોક્સિંગ ગોલ્ડ જીતનારો પહેલો ભારતીય પુરુષ બન્યો.

## યુઝવેન્દ્ર ચહલે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિ જાહેર કરી

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના સ્ટાર લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિ જાહેર કરી છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ નિર્ણયની જાણ કરી. 36 વર્ષીય ચહલ વ્હાઈટ-બોલ ક્રિકેટ (વનડે અને T20) રમવાનું ચાલુ રાખશે. તેમણે 49 મેચમાં 148 વિકેટ ઝડપી છે. ચહલ હવે ભારતીય ટીમમાં વાપસી માટે પ્રયાસ કરશે. ટીમ ઈન્ડિયાના સ્ટાર લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. તેમનો આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ થશે. ચહલે સ્પષ્ટ કર્યું છે કે, તેઓ વ્હાઈટ-બોલ ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે. 36 વર્ષીય ચહલે તેમની છેલ્લી રેડ બોલ મેચ લોર્ડ્સમાં નોર્થમ્પટનશાયર માટે રમી હતી. ચહલ વ્હાઈટ બોલ ક્રિકેટમાં રમતા જોવા મળશે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ પર રિટાયર્મેન્ટની જાહેરાત કરી છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં યુઝવેન્દ્ર ચહલે 49 મેચની 79 ઈનિંગ્સમાં કુલ 148 વિકેટ ઝડપી છે. તેમણે 9,154 બોલમાં 4,777 રન આપ્યા હતા. આ દરમિયાન તેમની બોલિંગ એવરેજ 32.27, ઈકોનોમી 3.13 અને સ્ટ્રાઈક રેટ 61.8 રહ્યો હતો. ચહલે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 6 વખત પાંચ વિકેટ અને 8 વખત ચાર વિકેટ લેવાની સિદ્ધિ પણ મેળવી છે.

### 'રોહિત-વિરાટનું હોવું મારું સૌભાગ્ય'

## 2023 ફાઇનલની હાર હજુ ભૂલાતી નથી: ગિલે વર્લ્ડ કપ માટે ભરી હુંકાર

નવી દિલ્હી

ભારતીય કેપ્ટન શુભમન ગિલે વેસ્ટ ઈન્ડિઝ સામેની 3જી વનડે પહેલાં જિયો-સ્ટાર સ્પોર્ટ્સ સાથે વાતચીત કરી હતી. ગિલે જણાવ્યું કે, 2023 વર્લ્ડ કપની હારનું અધૂરું કામ પૂરું કરવાનું ટીમનું લક્ષ્ય છે. કેપ્ટન બનવાનું સપનું નહોતું, પણ તે મોટી જવાબદારી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીનો અનુભવ ટીમ માટે અમૂલ્ય છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી વનડે પહેલાં ભારતીય કેપ્ટન શુભમન ગિલે સત્તાવાર બ્રોડકાસ્ટર જિયો-સ્ટાર સ્પોર્ટ્સ સાથે ખાસ વાતચીતમાં આગામી વનડે વર્લ્ડ કપ, પોતાની કેપ્ટનશિપ અને ટીમના વરિષ્ઠ ખેલાડીઓની ભૂમિકા અંગે ખુલીને વાત કરી




છે. બીજી વનડેમાં વનડે ઈતિહાસની સૌથી ઝડપી સદી ફટકારીને વૈશ્વિક સ્તરે છવાઈ ગયેલા ગિલે સ્પષ્ટ કર્યું છે કે ભારતીય ટીમનું લક્ષ્ય આ વખતે અધૂરું કામ પૂરું કરવાનું છે. બંને ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરવા અંગે ગિલે જણાવ્યું કે નાનપણથી મોટો થતાં ક્યારેય ભારતનો કેપ્ટન બનવાનું કોઈ ખાસ સપનું નહોતું. દેશ માટે રમવું અને મેચ જીતાડવી એ જ એકમાત્ર લક્ષ્ય હતું. કેપ્ટનશિપ મળવા પર તેણે કહ્યું, 'આ મારા માટે મોટું સન્માન અને મોટી જવાબદારી છે. હું તેને માત્ર એક જવાબદારી તરીકે જોઉં છું, જેનાથી મારા પર કોઈ વધારાનું દબાણ આવતું નથી. સાચી દાનત સાથે કામ કરવામાં આવે તો બધું જ આપોઆપ યોગ્ય થઈ જાય છે.'

# ICCએ બદલ્યા ક્રિકેટના આઠ મોટા નિયમો

### બેટિંગમાં ટાઇમપાસ કર્યો તો 5 રનની પેનલ્ટી, રનઆઉટથી લઈને વાઇડ સુધીના નિયમો બદલાયા

મુંબઈ

ICCએ ગુરુવારે ક્રિકેટના નિયમોમાં 8 ફેરફાર કર્યા છે. હવે બેટિંગ દરમિયાન જો કોઈ બેટર જાણીજોઈને સમય બગાડે છે, તો ફિલ્ડિંગ ટીમને 5 પેનલ્ટી રન મળશે. પુરુષ, મહિલા અને જુનિયર ક્રિકેટમાં વપરાતા બોલના કદ અને વજન માટે અલગ-અલગ મર્યાદા નક્કી કરવામાં આવી છે. નવા નિયમો 1 ઑક્ટોબર 2026ના રોજ અથવા ત્યાર પછી શરૂ થતી ઈન્ટરનેશનલ સિરીઝ પર લાગુ થશે. જે સિરીઝ પહેલેથી ચાલી રહી છે, તેમાં જૂના નિયમો જ લાગુ રહેશે. હવે બેટરે બોલ રમવા માટે નક્કી કરાયેલા સમયની અંદર તૈયાર રહેવું પડશે. જો અમ્પાયરને લાગે કે બેટર બોલનો સામનો કરવા માટે સમયસર




તૈયાર નથી, તો પહેલી ભૂલ પર ચેતવણી અને બીજી ભૂલ પર અંતિમ ચેતવણી આપવામાં આવશે. ત્રીજી ભૂલ પર ફિલ્ડિંગ ટીમને 5 પેનલ્ટી રન આપવામાં આવશે. હવે દિવસ દરમિયાન રમાતી ટેસ્ટ મેચોમાં પણ પિંક બોલનો ઉપયોગ ટ્રાયલ તરીકે કરી શકાશે. તેનો હેતુ ખરાબ પ્રકાશને કારણે રમતને થતા નુકસાનને ઘટાડવાનો છે. આ માટે ટેસ્ટ શરૂ થવા પહેલાં બંને ટીમોની સંમતિ જરૂરી રહેશે. એકવાર પિંક બોલથી રમવાનો નિર્ણય થઈ જાય પછી મેચ દરમિયાન બોલ બદલી શકાશે નહીં.

હાલમાં માત્ર ડે-નાઈટ ટેસ્ટ મેચમાં જ ગુલાબી બોલનો ઉપયોગ કરવામાં આવે છે. પુરુષ અને મહિલા ક્રિકેટ માટે બોલના કદ અને વજનની અલગ-અલગ મર્યાદા હશે. પુરુષોના બોલનું વજન 156થી 163 ગ્રામ અને કદ 22.4થી 22.9 સેન્ટિમીટર હશે. મહિલાઓના બોલનું વજન 142થી 149 ગ્રામ અને કદ 21.5થી 22 સેન્ટિમીટર હશે. જ્યારે ફિલ્ડર રન રોકવા અથવા રનઆઉટ કરવાનો પ્રયાસ કરતી વખતે બોલને સ્ટમ્પ તરફ ફેંકે અને બોલ આગળ નીકળી જાય, ત્યારે તેને ઓવરથ્રો માનવામાં આવશે.



### 100થી વધુ સંસ્થાઓમાં બળજબરીથી ઘૂસણખોરીનો પ્રયાસ

# ક્રિમિનલ બન્યો AI, માનવ નિયંત્રણની બહાર ગયા OPENAI મોડલ્સ!

મુંબઈ

ChatGPT બનાવનારી કંપની OpenAIની સિસ્ટમે 100થી વધુ સંસ્થાઓની સિસ્ટમમાં બળજબરીથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો છે. કંપનીએ પોતે જ આ વાતનો ખુલાસો કર્યો છે. આ વાતનો સંકેત છે કે ટેસ્ટિંગ તબક્કામાં જ ટેક કંપનીઓના હાથમાંથી તેમના અદ્યતન AI મોડેલ્સની કમાન છૂટી રહી છે. AI મોડેલ્સ માત્ર સિસ્ટમની સુરક્ષાને બાયપાસ કરી રહ્યા નથી, પરંતુ નક્કી કરાયેલી મર્યાદાઓ તોડીને માનવીય નિયંત્રણની બહાર જઈ રહ્યા છે. OpenAIએ સંસ્થાઓને




એલર્ટ કરી. કંપનીએ પોતાના AI એજન્ટની ચપેટમાં આવેલી 100થી વધુ સંસ્થાઓને એલર્ટ જારી કર્યું છે. જોકે, કંપનીનો દાવો છે કે આ સંસ્થાઓનો ડેટા ચોરાયો નથી. OpenAIએ બચાવમાં દલીલ કરી કે AI એજન્ટ્સે સિસ્ટમનું તાળું તોડ્યું નહોતું, પરંતુ માત્ર બંધ દરવાજો બળજબરીથી ખખડાવીને અને તેનું હેન્ડલ ફેરવીને અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આ AI એજન્ટ્સે અનેક વેબસાઈટ્સને મનમાની અને અનધિકૃત કમાન્ડ મોકલીને તેમની પાસેથી ખોટી પ્રક્રિયાઓ ચલાવવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં, સુરક્ષા વ્યવસ્થાને ચકમો આપવા માટે આ એજન્ટ્સે વેબસાઈટ્સને એકબીજા સાથે સંપર્ક સાધવાના માધ્યમ (કમ્યુનિકેશન ચેનલ) તરીકે ઉપયોગમાં લીધી અને નક્કી કરાયેલા સુરક્ષા માપદંડોને સંપૂર્ણપણે અવગણીને તેમને બાયપાસ કરવાનો પ્રયાસ કર્યો. OpenAIએ સ્વીકાર્યું છે કે તેના સુરક્ષા કવચ AI એજન્ટ્સને નિયંત્રણમાં રાખવામાં નિષ્ફળ રહ્યા. કંપનીના પ્રવક્તાએ જણાવ્યું કે અસરગ્રસ્ત સંસ્થાઓને તકનીકી ડેટા આપી દેવામાં આવ્યો છે.

### ચાંદીનો ભાવ ₹11500 ઘટીને ₹2.21 લાખ થયો

# આ અઠવાડિયે સોનું ₹4000 સસ્તું, ₹1.48 લાખ પર આવ્યું

મુંબઈ

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવ 1.52 લાખ રૂપિયાથી ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયા છે. તેની કિંમતમાં આ અઠવાડિયે આશરે 4,000 રૂપિયાનો વધારો થયો છે. એક કિલો ચાંદીના ભાવ 11,521 રૂપિયા ઘટીને 2.21 લાખ રૂપિયા પર આવી ગયા છે. આ પહેલાં ગયા અઠવાડિયે એટલે કે 25 સપ્ટેમ્બરે તે 2.32 લાખ રૂપિયા પર હતી. બીજી તરફ, ગાંધી જયંતીના અવસરે 2 ઑક્ટોબરે આજે બજારમાં કારોબાર થશે નહીં. ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષા: એક




શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ જોડાય છે, જેના કારણે અંતર વધે તેમ ભાવ વધે છે. ખરીદીની માત્રા: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) હોવાને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે દર નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદી કિંમત: જ્વેલર્સનો ખરીદી દર નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતે વેચશે. આ વર્ષે સોનું 14,939 મોંઘું થયું અને ચાંદી 9,591 ઘટી આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધીમાં સોનું 14,939 રૂપિયા મોંઘું થઈ ગયું છે. જ્યારે ચાંદી 9,591 રૂપિયા સસ્તી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા હતું.

### અંબાણીને પાછળ છોડ્યા; લક્ષ્મી મિત્તલ 12થી નંબર-4 પર

# અદાણી 3 વર્ષ બાદ ફરી દેશના સૌથી અમીર: સંપત્તિ ₹10.85 લાખ કરોડ થઈ

### ફોર્બ્સની 2026ની ભારતના 100 સૌથી અમીર લોકોની યાદીમાં ગૌતમ અદાણી ત્રણ વર્ષ બાદ ફરી નંબર-1 પર પહોંચી ગયા છે

મુંબઈ

ફોર્બ્સની 2026ની ભારતના 100 સૌથી અમીર લોકોની યાદીમાં ગૌતમ અદાણી ત્રણ વર્ષ બાદ ફરી નંબર-1 પર પહોંચી ગયા છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના પરિવારની કુલ સંપત્તિ 10.85 લાખ કરોડ (11,270 કરોડ ડૉલર) આંકવામાં આવી છે. ગયા વર્ષની સરખામણીએ તેમની સંપત્તિ 1.99 લાખ કરોડ (2,070 કરોડ ડૉલર) વધી છે. ડૉલરના હિસાબે તેઓ આ વર્ષે યાદીમાં સૌથી વધુ સંપત્તિ વધારનારા ઉદ્યોગપતિ પણ રહ્યા. જોકે તેમની સંપત્તિ હજુ પણ 2022ના 14.43 લાખ કરોડ (15,000 કરોડ ડૉલર)ના શિખરથી નીચે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી બીજા સ્થાને સરકી ગયા



છે. તેમની સંપત્તિ 1.80 લાખ કરોડ ઘટીને 8.3 લાખ કરોડ રહી ગઈ છે. ફોર્બ્સ અનુસાર, વિવિધ વ્યવસાયોમાં માર્જિન પર પડેલા દબાણની અસર રિલાયન્સના શેરો પર પડી છે. આ વર્ષે યાદીમાં 4 નવા નામ સામેલ થયા છે. તેમાં ઈન્ડો-એમઆઈએમના કૃષ્ણા ચિવુકુલા, અપાર ઈન્ડસ્ટ્રીઝના કુશલ અને ચૈતન્ય દેસાઈ, આદિત્ય ઈન્ફોટેકના આદિત્ય ખેમકા અને બાલાજી વેફર્સના વિરાણી બંધુઓનો સમાવેશ થાય છે. કુશલ અને ચૈતન્યની સંપત્તિ 40,898 કરોડ રૂપિયા છે, જ્યારે આદિત્ય ખેમકાની પારિવારિક સંપત્તિ 34,643 કરોડ છે. આ વર્ષે રૂપિયો 8.5% અને શેરબજાર 9.5% ઘટ્યું. તેમ છતાં 100 સૌથી અમીર લોકોની કુલ સંપત્તિ આશરે 96.23 લાખ કરોડ પર જળવાઈ રહી. તેમાં અદાણીનો હિસ્સો આશરે 11.3% અને અંબાણીનો આશરે 8.6% છે. ફોર્બ્સની 2026ની ભારતના 100 સૌથી અમીર લોકોની યાદીમાં ગૌતમ અદાણી ત્રણ વર્ષ બાદ ફરી નંબર-1 પર પહોંચી ગયા છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના પરિવારની કુલ સંપત્તિ 10.85 લાખ કરોડ (11,270 કરોડ ડૉલર) આંકવામાં આવી છે. ગયા વર્ષની સરખામણીએ તેમની સંપત્તિ 1.99 લાખ કરોડ (2,070 કરોડ ડૉલર) વધી છે. ડૉલરના હિસાબે તેઓ આ વર્ષે યાદીમાં સૌથી વધુ સંપત્તિ વધારનારા ઉદ્યોગપતિ પણ રહ્યા. જોકે તેમની સંપત્તિ હજુ પણ 2022ના 14.43 લાખ કરોડ (15,000 કરોડ ડૉલર)ના શિખરથી નીચે છે.

# HDFC બેંકના નવા MD અને CEO બન્યા અનૂપ બાગચી

- **RBIએ મંજૂરી આપી, શશિધર જગદીશનની જગ્યાએ 27 ઓક્ટોબરથી કમાન સંભાળશે**

મુંબઈ

HDFC બેંકે અનૂપ બાગચીને પોતાના નવા મેનેજિંગ ડિરેક્ટર (MD) અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે નિયુક્ત કર્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની મંજૂરી મળ્યા બાદ બેંકે 1 ઑક્ટોબરે સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં આ માહિતી આપી હતી. બાગચી 27 ઑક્ટોબરથી કાર્યભાર સંભાળશે. વર્તમાન MD અને CEO શશિધર જગદીશનનો કાર્યકાળ 26 ઑક્ટોબરે સમાપ્ત થઈ રહ્યો છે. જગદીશને આગામી કાર્યકાળ માટે પુનઃનિયુક્તિની માંગ કરી નહોતી. અનૂપ બાગચીને બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રમાં લાંબો અનુભવ છે. ભારતની સૌથી મોટી ખાનગી બેંક HDFCની કમાન સંભાળતા પહેલાં તેઓ ICICI પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સના MD અને CEO રહી ચૂક્યા છે. આ પહેલાં મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું કે બેંકે ટોચના પદ માટે બે નામોનો પ્રસ્તાવ મોકલ્યો હતો. તેમાં પહેલું નામ અનૂપ બાગચીનું હતું, જેઓ ICICI પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સના MD અને CEO છે. જ્યારે બીજું નામ કાયદ ભરુચાનું હતું, જેઓ HDFC બેંકના ડેપ્યુટી MD છે. કોટક બેંકના MD અને CEO બન્યા અનૂપ કુમાર આ પહેલાં આજે જ કોટક મહિન્દ્રા બેંકે અનૂપ કુમાર સાહાની પોતાના નવા MD અને CEO તરીકે નિમણૂક કરી છે. તેમનો કાર્યકાળ 3 વર્ષનો રહેશે.

# SVPI એરપોર્ટ પર અદાણી ગ્રૂપની લૂંટનો નવો સિલસિલો : મુસાફરોના ખિસ્સા પર સીધો ભાર!!

## ઓલા, ઉબેર, રેપિડો સહિત પીળી નંબરપ્લેટવાળા કોમર્શિયલ વાહનો પર 'એરપોર્ટ એક્સેસ ચાર્જ'; નવા નિયમને લઈને મુસાફરો અને ટ્રાન્સપોર્ટરોમાં નારાજગી




અમદાવાદ

સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કોમર્શિયલ વાહનો માટે નવા **'એરપોર્ટ એક્સેસ ચાર્જ'**ને લઈને વિવાદ ઊભો થયો છે. એરપોર્ટનું સંચાલન કરતી અદાણી ગ્રૂપની વ્યવસ્થા હેઠળ કેબ, ઓટો સહિતના કોમર્શિયલ વાહનો માટે અલગ ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. જેના કારણે એરપોર્ટ પર મુસાફરોને લેવા-મૂકવા આવતા વાહનચાલકોમાં નારાજગી જોવા મળી રહી છે.

નવા નિયમ મુજબ ઓલા, ઉબેર, રેપિડો સહિત પીળી નંબરપ્લેટ ધરાવતા કોમર્શિયલ વાહનોને મુસાફરોને એરપોર્ટ પર ડ્રોપ કરવા માટે રૂ.50નો ચાર્જ ચૂકવવો પડશે. આ ચાર્જના કારણે કેબ મારફતે એરપોર્ટ પહોંચતા મુસાફરોના કુલ પ્રવાસ ખર્ચમાં વધારો થવાની શક્યતા છે.

મુસાફરોને લેવા માટે એરપોર્ટ પર આવતા વાહનો માટે પણ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. પિક-અપ ઝોનમાં વાહનને 8 મિનિટ સુધી રોકવાની મંજૂરી રહેશે. જો વાહન 8થી 30 મિનિટ સુધી રોકાય તો રૂ.150નો ચાર્જ વસૂલવામાં આવશે.

એરપોર્ટ પર દરરોજ મોટી સંખ્યામાં કેબ અને અન્ય કોમર્શિયલ વાહનો મુસાફરોને લેવા-મૂકવા માટે પહોંચે છે. નવા ચાર્જના કારણે ખાસ કરીને ઓલા, ઉબેર, રેપિડો અને અન્ય ટેક્સી સંચાલકો પર વધારાનો ખર્ચ આવશે.

નવા નિયમોને લઈને મુસાફરો અને ટ્રાન્સપોર્ટરોમાં નારાજગી વ્યક્ત થઈ રહી છે.

તેમનું કહેવું છે કે એરપોર્ટ સુધી પહોંચવા માટે પહેલેથી જ મુસાફરીનો ખર્ચ ચૂકવવો પડે છે, ત્યારે વધારાના એક્સેસ ચાર્જથી મુસાફરી મોંઘી બનશે. બીજી તરફ, એરપોર્ટ પર વાહનોની અવરજવર અને પાર્કિંગ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આ પ્રકારના ચાર્જ લાગુ કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે. નવા નિયમને લઈને આગામી દિવસોમાં ટ્રાન્સપોર્ટરો તરફથી વધુ રજૂઆતો થવાની શક્યતા છે.

### પિક-અપના નામે પણ લૂંટ: 8 મિનિટ બાદ સીધો રૂ.150નો મસમોટો ચાર્જ!!

માત્ર ડ્રોપ-ઓફ જ નહીં, પરંતુ પિક-અપ માટે પણ અદાણી ગ્રૂપે કડક અને લૂંટારૂ નીતિ અપનાવી છે. એરપોર્ટ પર પેસેન્જરને રિસીવ કરવા આવતા વાહનો માટે માત્ર ૮ મિનિટનો સમય મર્યાદિત રાખવામાં આવ્યો છે. જો કોઈ વાહન પિક-અપ ઝોનમાં ૮ થી ૩૦ મિનિટ સુધી રોકાઈ જાય, તો તેના પર સીધો જ રૂ. ૧૫૦ નો ભારેખમ ચાર્જ વસૂલવામાં આવશે.

### મુસાફરો અને ટ્રાન્સપોર્ટરોમાં ઉગ્ર રોષ

અદાણી ગ્રૂપ દ્વારા એરપોર્ટની સુવિધાઓના નામે આમ પ્રજા અને પ્રવાસીઓ પાસેથી આ પ્રકારે અસહ્ય અને મનસ્વી ચાર્જ વસૂલવામાં આવતા લોકોમાં તીવ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. મુસાફરોનું કહેવું છે કે એરપોર્ટ પર આવવા-જવા માટે પહેલેથી જ ઊંચા ટોલ અને ભાડા ચૂકવવા પડે છે, ત્યારે આ નવો 'એરપોર્ટ એક્સેસ ચાર્જ' સીધી રીતે સામાન્ય નાગરિકોની ખિસ્સામારી અને અદાણી જૂથની અન્યાયી લૂંટ સમાન છે. આગામી દિવસોમાં આ મામલે વિરોધ વધુ ઉગ્ર બને તેવી પૂરી સંભાવના છે.

# અમદાવાદના ધરણીધરમાં મુશળધાર વરસાદે સર્જ્યો ત્રાહિમામ

## લાખોનું નુકસાન, જનતાનો આક્ષેપ–"આ કુદરતી નહીં, AMC-મેડ ડિઝાસ્ટર છે!"

અમદાવાદ

શહેરમાં તાજેતરમાં પડેલા મુશળધાર વરસાદે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના પ્રી-મોનસૂન પ્લાનની પોલી ખુલ્લી પાડી દીધી છે. ખાસ કરીને ધરણીધર વિસ્તારમાં ભારે વરસાદને કારણે થયેલા જળબંબાકારથી સ્થાનિક દુકાનદારોને લાખો રૂપિયાનું માતબર નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જોકે, આ આફતને કુદરતી માનવાને બદલે સ્થાનિક જનતા અને વેપારીઓ તેને 'માનવસર્જિત આપત્તિ' (Man-made Disaster) ગણાવીને તંત્ર પર ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. ધરણીધર વિસ્તારના વેપારીઓ અને નાગરિકોમાં AMC સામે ભારે આક્રોશ



જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે દર વર્ષે ચોમાસા પહેલા કરોડો રૂપિયાના ખર્ચે પ્રી-મોનસૂન કામગીરીના દાવા કરવામાં આવે છે, પરંતુ જમીની વાસ્તવિકતા કંઈક અલગ જ છે. સમયસર સ્ટ્રોમ વોટર ડ્રેઈન અને ગટર લાઈનોની સફાઈ ન થવાથી પાણીનો નિકાલ થઈ શક્યો નહીં. કટોકટીના સમયે પંપિંગ સ્ટેશનો સમયસર કાર્યરત ન થવાને કારણે પાણી ઉલ્ટાનું દુકાનોમાં ઘૂસી ગયું હતું. અચાનક ઘૂસી આવેલા પાણીના પ્રવાહને કારણે દુકાનોમાં રાખેલો ઈલેક્ટ્રોનિક્સ સામાન, કાપડ, ફર્નિચર અને અન્ય કિંમતી માલસામાન પાણીમાં પલળીને સંપૂર્ણપણે બરબાદ થઈ ગયો છે. રાતોરાત વેપારીઓની મહેનત પાણીમાં ધોવાઈ જતાં તેમના મોઢામાંથી આસૂ નીકળી ગયા છે. નાના દુકાનદારો હવે બેઠા કેમ થવું તે અંગે ચિંતામાં છે. સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓનો સીધો સવાલ છે કે જો દર વર્ષે ચોમાસામાં આ જ પરિસ્થિતિ સર્જાવાની હોય, તો AMCના કરોડો રૂપિયા ક્યાં જાય છે? સ્થાનિક નેતૃત્વ અને કોર્પોરેશનના અધિકારીઓની ઘોર બેદરકારીના કારણે આજે સામાન્ય જનતાને આર્થિક ફટકો સહન કરવો પડી રહ્યો છે.

# સાબરમતી વિસ્તારમાં ઉધારમાં પડીકી આપવા બાબતે આધેડની હત્યા

અમદાવાદ

સાબરમતી વિસ્તારમાં ધર્મનગર રેલવે સ્ટેશન પાસે 55 વર્ષના આધેડ પર યુવકે છરીથી હુમલો કરવાની ઘટના બની હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત આધેડને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું ટૂંકી સારવાર બાદ મૃત્યુ થયું છે. સારવાર દરમિયાન મોત થતાં પરિવારજનો હોસ્પિટલ અને પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. સાબરમતી પોલીસે આ મામલે મારામારીની ફરિયાદ નોંધી હતી. જે બાદ હવે હત્યાની કલમનો ઉમેરો કરી આરોપીની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. એલ ડિવિઝન એસીપી ડી.વી રાણાએ જણાવ્યું હતું કે, ધર્મનગર રેલવે સ્ટેશન પાસે પાનના ગલ્લા પર ઉધાર વસ્તુ માંગવા બાબતે બોલાચાલી થઈ હતી અને બાદમાંછરીના ઘા મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પાન પાર્લર ચલાવનાર વ્યક્તિનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. આ મામલે પોલીસે મારામારીની ફરિયાદ લઈને ગુનો નોધી આરોપીની ધરપકડ કરી હતી.

**અમદાવાદમાં AMCના 4 મોટા નિર્ણય:**

# જનતાનગર ઓવરબ્રિજની દરખાસ્ત પરત, 30 ફટાકડા એકમો સીલ કરાયા

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન કમલેશભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી જેમાં શહેરના વિકાસ, ટ્રાફિક અને તહેવારોને લગતા મહત્વના નિર્ણયો લેવાયા છે. દેશવ્યાપી ફાટકમુક્ત અભિયાન અંતર્ગત ગોતા વોર્ડના જનતાનગર ખાતે ઓવરબ્રિજ બનાવવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ થઈ હતી પરંતુ બ્રિજ બનાવતા પહેલા ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે ચેરમેન કમલેશભાઈ પટેલે આ દરખાસ્ત પરત મંગાવી છે. બ્રિજ નિર્માણ કરતા પહેલા વિસ્તારમાં વૈકલ્પિક ટ્રાફિક મેનેજમેન્ટ, જંક્શન સુધારણા, વન વે સિસ્ટમ અને સિગ્નલ ઓપ્ટીમાઈઝેશન જેવા વિકલ્પોનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કરવામાં આવશે અને તમામ વિગતો એકત્રિત કર્યા બાદ આ દરખાસ્ત ફરીથી કમિટી સમક્ષ રજૂ કરાશે. આગામી નવરાત્રી અને દિવાળીના તહેવારોને જોતા નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા ન થાય તે માટે હેલ્થ વિભાગને સઘન ચેકિંગ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. માત્ર દિવસના સમયે જ નહીં પરંતુ રાત્રિના સમયે ધમધમતા ખાણીપીણીના બજારો અને લારીગલ્લાઓ પર ખાસ રાત્રિ તપાસ અભિયાન હાથ ધરાશે. રસ્તાઓ પર ઊભા રહેતા ખાણીપીણીના સ્ટોલ પર ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, ચોખ્ખાઈ અને સુરક્ષાના તમામ નિયમોનું કડકપણે પાલન થાય તેની ખાસ તકેદારી રાખવા તાકીદ કરાઈ છે. દિવાળીના તહેવારને લઈને ફટાકડાના વેપાર માટે તંત્ર દ્વારા કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. AMCની બીયુ પરમિશન, ફાયર વિભાગનું એનઓસી અને પોલીસ વિભાગની મંજૂરી વગર કોઈપણ વેપારી ફટાકડા વેચી શકશે નહીં. આ નિયમોનું ઉલ્લંઘન કરી વગર મંજૂરીએ ધમધમતા અંદાજે 30 જેટલા ફટાકડાના એકમોને તાત્કાલિક ધોરણે સીલ કરવામાં આવ્યા છે જેમાં રાયપુર અને કાલુપુર જેવા ગીચ વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત દિલ્હી દરવાજા વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા ભાડે આપવામાં આવેલી જગ્યાઓની બીયુ પરમિશન છે કે નહીં અને તે જગ્યાઓ ગેરકાયદેસર રીતે પેટાભાડે આપવામાં આવી છે કે કેમ તેની તપાસ કરી બે દિવસમાં અહેવાલ રજૂ કરવાનો આદેશ અપાયો છે.

**અમદાવાદની સ્કૂલમાં ખતરનાક ધમાકો**

# ક્લાસમાં ઘૂરવાની ફરિયાદ કરનાર વિદ્યાર્થિની પાછળ શિક્ષક મારવા દોડ્યા

અમદાવાદ

સંસ્કારી નગરી અમદાવાદના પૂર્વ વિસ્તાર ગણાતા બાપુનગરમાંથી શિક્ષણ જગતને હચમચાવી નાખતી અને કાળજું કંઠસ્થ કરાવી દે તેવી એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. શહેરની એક જાણીતી સ્કૂલના ક્લાસરૂમમાં શરૂ થયેલો નાનો વિવાદ એટલો હદે વણસી ગયો કે સ્કૂલ કેમ્પસ જાણે રણમેદાનમાં ફેરવાઈ ગયું હતું. ક્લાસમાં એક વિદ્યાર્થિનીને ઘૂરવાની બાબતે શરૂ થયેલી બબાલમાં શિક્ષકે વિદ્યાર્થીને ધમકાવવાને બદલે હિંસક વલણ અપનાવ્યું હતું, જ્યારે સગીર વિદ્યાર્થીએ ઉશ્કેરાઈને પોતાના જ મિત્રને ઢોર માર મારીને બેભાન કરી નાખ્યો હતો અને અન્ય એક વિદ્યાર્થીની સાઈકલ તોડીને ભારે આતંક મચાવ્યો હતો. આ ગંભીર અને વિવાદાસ્પદ મામલે સ્કૂલ સંચાલકોએ કડક પગલાં ભરીને લઘુમતી સમાજના સગીર વિદ્યાર્થીને તાત્કાલિક ધોરણે શાળામાંથી છૂટા (LC - School Leaving Certificate) આપી દીધા



છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સ્કૂલના ક્લાસરૂમમાં અભ્યાસ દરમિયાન એક વિદ્યાર્થિનીએ સહાધ્યાયી સગીર વિદ્યાર્થી સામે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે તે તેને સતત તાકી રહ્યો છે અથવા ઘૂરી રહ્યો છે. વિદ્યાર્થિનીએ આ અંગે તાત્કાલિક ધોરણે વર્ગખંડના શિક્ષક સમક્ષ ફરિયાદ કરી હતી. પરંતુ આશ્ચર્યજનક રીતે, મામલો શાંત પાડવાને બદલે સંબંધિત શિક્ષકનો પિત્તો છૂટી ગયો હતો. શિક્ષકે વિદ્યાર્થીને ઠપકો આપવા અથવા સમજાવવાને બદલે ઉશ્કેરાઈને તેને જાહેરમાં ધમકાવવાનું શરૂ કર્યું હતું અને રોષમાં આવીને તેને મારવા માટે દોડ્યા હતા.

**માત્ર 1 મિનિટમાં 156 પ્લેન્ક જૅક્સ કરીને નોંધાવ્યો અદ્ભુત વિશ્વ રેકોર્ડ!**

# અમદાવાદના 8 વર્ષીય નાની વયના ચેમ્પિયન જયબીર ગુરુદત્તે રચ્યો ઇતિહાસ

અમદાવાદ

સંસ્કારી નગરી અમદાવાદના આંગણેથી રમતગમત જગતને ગૌરવ અપાવતી એક અત્યંત પ્રેરણાદાયી અને ગર્વ લેવા જેવી ઘટના સામે આવી છે. શહેરના માત્ર ૮ વર્ષીય તેજસ્વી એથ્લીટ જયબીર હરશ્મીત સિંહ ગુરુદત્તે પોતાની અદ્ભુત ફિટનેસ અને સ્ટેમિનાના બળે વિશ્વ સ્તરે દેશ અને રાજ્યનું નામ રોશન કર્યું છે. જયબીરે માત્ર ૧ મિનિટના સમયગાળામાં ૧૫૬ પ્લેન્ક જૅક્સ (Plank Jacks) કરીને એક અકલ્પનીય અને અદભુત વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે, જેને જોઈને આખી દુનિયા દંગ રહી ગઈ છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ દ્વારા સન્માન અને પ્રોત્સાહન



નાની વયે આ ગગનસુંબી સિદ્ધિ હાંસલ કરનાર બાળ એથ્લીટ જયબીર હરશ્મીત સિંહની આ શાનદાર સફળતા બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલે વિશેષ રૂપે તેને વધાવ્યો છે અને તેની આ કમાલની સિદ્ધિની પ્રશંસા કરી છે. ચેરમેને જણાવ્યું હતું કે આ નાની વયે જયબીરે જે સમર્પણ બતાવ્યું છે તે આખા ગુજરાતના યુવાનો અને બાળકો માટે એક અનન્ય પ્રેરણાસ્રોત સમાન છે.

આ ભવ્ય સફળતા રાતોરાત નથી મળી, પરંતુ તેની પાછળ જયબીરની વર્ષોની સખત મહેનત અને કુશળ માર્ગદર્શન રહેલું છે.

પ્રધાનમંત્રી એવોર્ડ વિજેતા કોચ: જયબીર આ અદ્ભુત મુકામ પ્રધાનમંત્રી એવોર્ડ વિજેતા અને ઈન્ટરનેશનલ ચેમ્પિયન કોચ અમનદીપ સિંહ ગોત્રાના માર્ગદર્શન હેઠળ મેળવી રહ્યો છે.

રોજિંદી ૩ થી ૪ કલાકની સઘન તાલીમ: નાની વય હોવા છતાં જયબીર કોઈપણ પ્રકારની આળસ વગર દરરોજ ૩ થી ૪ કલાક સુધી કઠિન અને સઘન તાલીમ મેળવે છે.

# સંક્ષીપ્ત સમાચાર

## બોડકદેવમાં છરીની અણીએ ધાડ પાડનાર મોસ્ટ વૉન્ટેડ દિનેશચંદ્ર મીણા રાજસ્થાનથી ઝડપાયો

શહેરના પોશ વિસ્તાર ગણાતા બોડકદેવમાં રાત્રિના સુમારે છરીની અણીએ આચરાયેલી સનસનાટીભરી ધાડ અને સોલા વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા રાજસ્થાની કુખ્યાત ગેંગના મોસ્ટ વોન્ટેડ આરોપીને ઝડપી લેવામાં અમદાવાદ પોલીસને મોટી અને યશસ્વી સફળતા મળી છે. ઝોન 7 એલસીબી અને બોડકદેવ પોલીસ સ્ટેશનની સંયુક્ત ટીમે ફિલ્મીઢબે ઓપરેશન પાર પાડીને રાજસ્થાનમાંથી આરોપીને પકડી પાડ્યો છે. અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં રાત્રિના અંધકારમાં એક મકાનમાં ઘૂસીને કુખ્યાત તસ્કરોએ છરીની અણીએ નિર્દોષ નાગરિકોને ડરાવીને ગંભીર પ્રકારની ધાડ પાડી હતી. આ બનાવથી સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી. આ જ કુખ્યાત ગેંગ દ્વારા અગાઉ સોલા વિસ્તારમાં પણ ત્રાટકીને બંધ મકાનને નિશાન બનાવીને મોટી ઘરફોડ ચોરીની વારદાતને અંજામ આપવામાં આવ્યો હતો. પોલીસ માટે આ ગેંગ એક મોટો પડકાર બની ગઈ હતી. પોલીસ તપાસ દરમિયાન ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ચોક્કસ બાતમી મળી હતી કે આ ગુનાનો મુખ્ય સૂત્રધાર અને મોસ્ટ વોન્ટેડ આરોપી પોતાના વતન રાજસ્થાનના સલુંબર જિલ્લામાં છુપાયેલો છે.

## એક વર્ષથી ફરાર ઘરફોડ ચોર ઝડપાયો: અનિલ મીણાની ધરપકડથી કૃષ્ણનગરની ચોરીનો ભેદ ઉકેલાયો

શહેરમાં વધી રહેલી ગુનાખોરી સામે અમદાવાદ પોલીસ દ્વારા સઘન ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે, ત્યારે સોલા પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી સફળતા હાંસલ કરી છે. પોલીસે લાંબા સમયથી પોલીસ પકડથી દૂર રહેલા અને કુખ્યાત ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા અનિલ મીણા નામના આરોપીની ધરપકડ કરી છે. આ ધરપકડ સાથે જ એક વર્ષ પહેલાં કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ પણ ઉકેલાઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પકડાયેલો આરોપી અનિલ મીણા લાંબા સમયથી પોલીસની નજરથી બચીને ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. તે અગાઉ કૃષ્ણનગર વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવીને હાથફેરો કરી ચુક્યો હતો, તેમજ ઘાટલોડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા ચોરીના ગુનામાં પણ વોન્ટેડ હતો. સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ અને સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ શાતિર ચોરને દબોચી લેવામાં આવ્યો છે. પોલીસ પૂછપરછમાં આરોપી પાસેથી શહેરમાં અન્ય ક્યાં-ક્યાં હાથ સાફ કર્યા છે તે અંગેની વિગતો બહાર આવવાની પૂરી સંભાવના છે. સોલા પોલીસે આરોપીની કાયદેસરની અટકાયત કરી આગળની સઘન તપાસ હાથ ધરી છે.

## આરોપીની જામીન અરજી ફગાવતી હાઈકોર્ટ: 14 બોગસ ફર્મ બનાવી 415 કરોડના વ્યવહારો કર્યા

ગુજરાત હાઈકોર્ટમાં કલ્પેશ સોની દ્વારા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. તેના સહિત અન્ય આરોપીઓ સમયે અમદાવાદના DCB પોલીસ મથકે BNS ની કલમો અંતર્ગત ગુનો નોંધાયેલો છે. અરજદાર વતી રજૂઆતો કરવામાં આવી હતી કે તે નિર્દોષ છે અને તેને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે. અરજદાર 18 જૂનથી જેલમાં છે. આ ગુનો JMFC કોર્ટ દ્વારા ટ્રાયલ યોગ્ય છે અને તેમાં મહત્તમ 3 થી 7 વર્ષની સજાની જોગવાઈ છે. અરજદાર માત્ર એક કર્મચારી અથવા બ્રોકર તરીકે કામ કરતો હતો અને માસિક 30 હજાર રૂપિયા પગાર મેળવતો હતો. સહ આરોપી પંકજને જામીન મળેલા હોવાથી સમાનતાના આધારે જામીન આપવામાં આવે. સામે સરકારી વકીલે દલીલો કરી હતી કે, અરજદારે સહ-આરોપીઓ સાથે મળીને ખૂબ જ પદ્ધતિસર સાયબર ફ્રોડ અને આર્થિક ગુનો આચર્યો છે.

## હોસ્ટેલ રેક્ટર સામે સગીરના શોષણનો આરોપ: ગુજરાત હાઇકોર્ટે જામીન અરજી પર સુનાવણી કરી

ગુજરાત હાઈકોર્ટમાં અરજદાર હસમુખ શાહ દ્વારા રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. તેઓ પાલિતાણા તાલુકાના તળેટી રોડ પર આવેલી યુ.સી.ગાંધી વિદ્યાલયની હોસ્ટેલમાં રેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. 20, જૂન 2024 થી 12 માર્ચ, 2026 દરમિયાન ધોરણ 8 થી 10 માં અભ્યાસ કરતા એક સગીર વિદ્યાર્થીની આર્થિક પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવી શારીરિક શોષણ તેઓ ઉપર આક્ષેપ છે. આ અંગે પાલિતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં BNS અને પોક્સો એક્ટ અંતર્ગત ગુનો નોંધવામાં આવ્યો હતો. અરજદાર વતી રજૂઆત કરાઈ હતી કે તે 68 વર્ષના વયસ્ક વ્યક્તિ છે અને તેમની સામે ખોટો કેસ કરવામાં આવ્યો છે. તેઓ 7 એપ્રિલ, 2026 થી જેલમાં છે અને ચાર્જશીટ ફાઈલ થઈ ગઈ હોવાથી હવે તેમની પાસેથી કશું રિકવર કે ડિસ્કવર કરવાનું બાકી નથી. હોસ્ટેલમાં શિસ્ત જાળવવા બાબતે સગીર વિદ્યાર્થીને ટોકવામાં આવ્યો હોવાથી આ ખોટી ફરિયાદ કરવામાં આવી છે. સામે સરકારી વકીલે રજૂઆત કરી હતી કે ગુનો સગીર વયના બાળક સામેનો અને ગંભીર પ્રકૃતિનો છે. હોસ્ટેલના રેક્ટરના દબાણ હેઠળ હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI